RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૯ | બુધવાર, તા.૦૩-૦૪-૨૦૨૪ | અંક : ૨૪૯ વર્ષ : ૧૮ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ભૂકંપના તીવ્ર આંચકાથી ધણધણ્યું તાઈવાન

## ૪ના મોત ૧૦૦થી વધુ લોકો ઘાયલ સુનામી એલર્ટ

### ૭.૫ તીવ્રતાનો આંચકો : ૨૫ વર્ષનો સૌથી ખતરનાક ભુકંપ : જાપાન-ફિલિપાઈન્સમાં પણ આંચકા અનુભવાયા

તાઈવાન,

બુધવારે તાઈવાનમાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા જાપાન અને ફિલિપાઈન્સમાં પણ અનુભવાયા હતા. આ પછી તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સમાં સુનામી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

તાઈવાનના મીડિયા અનુસાર, પ્રાથમિક અહેવાલમાં ચારના મોત થયા છે અને ૧૦૦ ઘાયલ છે. જો કે આકડો વધી શકવાની પુરી શકયતા છે. ભુકંપથી તાઈવાનમાં ૧૦ હજારથી વધુ ઘરો વીજળી ગુલ થઈ છે. ભૂકંપના કારણે વાયર અને પાવર પ્લાન્ટને નુકસાન થયું છે. વીજ પાવર સપ્લાય ફરીથી શરુ કરવાની કામગીરી ચાલી રહી છે.જાપાનના હવામાન વિભાગે સમુદ્રમાં ૩ મીટર એટલે કે લગભગ ૧૦ ફૂટ સુધી મોજા ઉછળવાની આગાહી કરી છે. જો કે હજી સુધી જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.તાઈવાનના સેન્ટ્રલ વેધર બ્યુરોના જણાવ્યા અનુસાર, ૨૫ વર્ષમાં તાઈવાનમાં આવેલો આ સૌથી ખતરનાક ભૂકંપ છે. આ પહેલા ૧૯૯૯માં ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ત્યારે ૨ હજારથી વધુ લોકોના મોત થયા હતા. તાઈવાનની હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, પૂર્વ તાઈવાનના હુલિએન શહેરમાં ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ધરતીથી ૩૪ કિલોમીટર નીચે હતું. ભારતીય સમય અનુસાર સવારે ૫:૩૦ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.



# ઘરમાં આગ લાગતા એક જ પરિવારના ૭ લોકોના મોત

### મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના છાવણી વિસ્તારમાં ત્રણ માળની ઈમારતમાં આગ લાગી

સંભાજીનગર,

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના કેન્ટોનમેન્ટ વિસ્તારમાં એક મકાનમાં આગ લાગવાથી એક જ પરિવારના સાત લોકોના મોત થયા છે. તેમાં ૩ મહિલાઓ, ૨ બાળકો અને ૨ પુરૂષોનો સમાવેશ થાય છે. જણાવવામાં આવી રહ્યું છે કે બેટરી વાળું વાહન ચાર્જિંગમાં હતું અને તેમાં બ્લાસ્ટ થતાં જબરદસ્ત આગ ફાટી નીકળી હતી.

મૃત્યુ પામેલાઓમાં અસીમ, પરી, વસીમ શેખ (૩૦), તનવીર વસીમ (૨૩), હમીદા બેગમ (૫૦), શેખ સોહેલ (૩૫) અને રેશ્મા શેખ (૨૨)નો સમાવેશ થાય છે. જે ઈમારતમાં આગ લાગી તે ત્રણ માળની ઈમારત હતી.

# ઈસ્તાંબુલ નાઈટ ક્લબમાં ભીષણ આગ લાગતા ૨૭ જીવતા ભૂંજાયા

### માર્યા ગયેલા લોકો ક્લબના રિનોવેશનના કામ સાથે સંકળાયેલા હતા

તુર્કી,

તુર્કીમાં ફરી એકવાર મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. દેશના ઈસ્તાંબુલ શહેરમાં એક નાઈટ ક્લબમાં રિનોવેશન દરમિયાન આગ લાગી હતી, જેમાં અત્યાર સુધીમાં ૨૭ લોકોના મોત થયા છે. આ ઘટનામાં અન્ય ઘણા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. એપીના અહેવાલ મુજબ, આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. મૃતકોની સંખ્યામાં હજુ વધારો થવાની આશંકા છે.

મળતી માહિતી મુજબ, ઈસ્તાંબુલ સ્થિત નાઈટ ક્લબ રિનોવેશન માટે બંધ કરવામાં આવી હતી. નાઈટ ક્લબ બેસિકતાસ જિલ્લામાં ૧૬ માળની રહેણાંક ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર હતી. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે કે આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે. એવું માનવામાં આવે છે કે માર્યા ગયેલા લોકો ક્લબના રિનોવેશનના કામ સાથે સંકળાયેલા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.આ પહેલા ઈસ્તાંબુલમાં એક નાઈટ ક્લબમાં આગ લાગવાથી ૧૫ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. જો કે થોડી જ વારમાં મૃત્યુઆંક ૨૭ પર પહોંચી ગયો હતો. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ઈસ્તાંબુલ પ્રશાસને આ ઘટના અંગે પૂછપરછ માટે ઘણા લોકોની અટકાયત કરી છે.

# રૂપાલા અંગેના નિર્ણયની ચર્ચા કરવા રાજપૂત સમાજની કોર કમિટીની મિટિંગ

### બેઠક બાદ કોર કમિટી ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનો સાથે બેઠક કરશે

અમદાવાદ,

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ક્ષત્રિય આગેવાનો જેઓ ભાજપના નેતાઓ છે તેમની વચ્ચે ગઈકાલે થયેલી બેઠક બાદ આજે અમદાવાદના ગોતામાં રાજપૂત સમાજના ભવન ખાતે ગુજરાતના રાજપૂત સમાજની કોર કમિટીની બેઠક મળશે. ત્યારબાદ ભાજપના નેતા એવા ક્ષત્રિય આગેવાનો સાથે કોર કમિટીની બેઠક મળશે, જેમાં રૂપાલા અંગેના નિર્ણયની ચર્ચા કરવામાં આવશે.

અમદાવાદના ગોતા-ઓગણજ રોડ ઉપર રાજપૂત સમાજનું ભવન આવેલું છે. રાજપૂત સમાજના તમામ કાર્યક્રમો અને મિટિંગ વગેરે આ ભવન ઉપર યોજાતી હોય છે. સમગ્ર ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા એવા મુદ્દા અંગે ગોતા રાજપૂત ભવન ખાતે મહત્વની બેઠક મળશે.

બપોરે ભાજપના નેતા એવા ક્ષત્રિય આગેવાનોની બેઠક બાદ ગુજરાતની ૯૨ રાજપુત સંસ્થાઓના પ્રતિનિધિઓની આવતીકાલે ગુરુવારે બેઠક મળશે અને જેમાં ભાજપના આગેવાનો સાથે થયેલી ચર્ચા-વિચારણા બાબતે ૯૨ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ જ કોઈ નિર્ણય લેવાઈ શકે છે. જેથી હજી સુધી આવતીકાલ સુધીમાં આ વિવાદ પૂર્ણ થાય તેવી કોઈ શક્યતા નથી.

# તિહારમાં બંધ કેજરીવાલના વજનમાં ઝડપથી ઘટાડો

### સાડા ચાર કિલો વજન ઘટ્યું : તબીબો હાલ ચિંતામાં

તિહાર,

તિહાર જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું વજન ઝડપથી ઘટી રહ્યું છે. આમ આદમી પાર્ટીના સૂત્રોએ આ મોટો દાવો કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ધરપકડ બાદ



કેજરીવાલે સાડા ચાર કિલો વજન ઘટ્યું છે. ઝડપથી ઘટી રહેલા વજનને લઈને ડૉક્ટરોએ ચિંતા વ્યક્ત કરી છે. કેજરીવાલ ત્રણ દિવસથી જેલમાં છે. સોમવારે તેમને ૧૫ દિવસ માટે જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા.

# પાકિસ્તાન સુપર લીગ અને IPL ટીમો વચ્ચે ટક્કર થશે!

### ૧૦ વર્ષ બાદ વાપસી કરી રહી છે ચેમ્પિયન્સ લીગ T20 ટુર્નામેન્ટ?

મુંબઈ,

ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડ દસ વર્ષ પહેલા બંધ કરાયેલી ચેમ્પિયન્સ લીગ્ ૨૦ ચેમ્પિયનશિપને ફરીથી શરૂ કરવા માટે એકબીજાની વચ્ચે વાતચીત કરી રહ્યા છે. જો આ મોટા ક્રિકેટ બોર્ડ ફરી એકવાર સંમત થાય તો આ ટુર્નામેન્ટ ફરી એકવાર શરૂ થઈ શકે છે. જો આ ટૂર્નામેન્ટને મંજૂરી મળે તો પાકિસ્તાન સુપર લીગ (PSL) અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ખેલાડીઓ પણ એકબીજા સામે રમતા જોવા મળી શકે છે.

છેલ્લી વખત ચેમ્પિયન્સ્ ૨૦ ટૂર્નામેન્ટનું આયોજન ૨૦૧૪માં કરવામાં આવ્યું હતું, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવીને ટાઈટલ જીત્યું હતું. તે સમયે ભારતની ત્રણ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની બે-બે અને પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડની એક-એક ટીમે તેમાં ભાગ લીધો હતો.

ચેમ્પિયન્સ લીગ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૪-૧૫ વચ્ચે છ સિઝનમાં રમાઈ હતી, જેમાંથી ચાર ભારતમાં અને બે દક્ષિણ આફ્રિકામાં રમાઈ હતી. ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સે બે વખત ખિતાબ જીત્યો હતો. જ્યારે ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ અને સિડની સિક્સર્સે એક-એક વખત ટાઈટલ કબજે કર્યું હતું.

ક્રિકેટ વિક્ટોરિયાના સીઈઓ નિક કમિન્સે કહ્યું કે અત્યંત વ્યસ્ત ક્રિકેટ કેલેન્ડરમાં આ માટે એક અલગ વિન્ડો બનાવવાનો સૌથી મોટો પડકાર છે. ભારતમાં મેલબોર્ન ક્રિકેટ એકેડમીના લોન્ચિંગ માટે ખેલોમોર પર બોલતા, તેણે કહ્યું, 'મને લાગે છે કે ચેમ્પિયન્સ લીગ તેના સમય કરતાં આગળની પહેલ હતી. તે સમયે ટી૨૦ ક્રિકેટ એટલું પરિપક્વ નહોતું, પરંતુ હવે છે.તેણે કહ્યું- ક્રિકેટ ઓસ્ટ્રેલિયા, ECB અને BCCI તેને ફરી શરૂ કરવાની વાત કરી રહ્યા છે. વ્યસ્ત ICC કેલેન્ડરમાં આ માટે વિન્ડો શોધવી મુશ્કેલ છે. શક્ય છે કે ચેમ્પિયન્સ લીગ મહિલા ક્રિકેટ માટે હશે, જેમાં WPL, ધ હંડ્રેડ અને વિમેન્સ બિગ બેશ લીગની ટીમો રમશે.

# કાશ્મીર મુદ્દે સરદાર પટેલે નહેરુને ચેતવ્યા હતા પરંતુ...એસ.જયશંકર

અમદાવાદ,

અમદાવાદમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને સંબોધતા વિદેશ મંત્રીએ કહ્યું કે એક સમય હતો જ્યારે ભારતના વડાપ્રધાન 'ચાઈના ફર્સ્ટ'ની વાત કરતા હતા પરંતુ આજે 'ઈન્ડિયા ફર્સ્ટ'ની વાત થઈ રહી છે. આજે એવા ઘણા મુદ્દા છે જેના મૂળ ભૂતકાળ સાથે જોડાયેલા છે. વર્તમાન સરકારે આમાંથી ઘણા મુદ્દાઓ ઉકેલ્યા છે જ્યારે કેટલાક મુદ્દાઓ એવા છે જેમાં હજુ થોડો સમય લાગશે. વિદેશ મંત્રીએ કહ્યું કે પૂર્વ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં લઈ જવાના પક્ષમાં ન હતા પરંતુ નેહરુએ તેમની વાત સાંભળી ન હતી.

વિદેશ મંત્રીએ કહ્યું, 'પાકિસ્તાનના કિસ્સામાં પણ મને લાગે છે કે લોકો જાણે છે કે સરદાર પટેલ કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં લઈ જવાના પક્ષમાં ન હતા. તે સંયુક્ત રાષ્ટ્રમાં હાજર જજની માનસિકતા વિશે જાણતો હતો. પરંતુ અમે કાશ્મીરના મુદ્દે યુએનમાં ગયા હતા.

# કેજરીવાલની અરજી પર આજે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી

### ધરપકડ અને રિમાન્ડના નિર્ણયને પડકાર્યો છે

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટમાં આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર સુનાવણી થશે. કેજરીવાલે લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ અને રિમાન્ડના નિર્ણયને પડકાર્યો છે. તેમણે ૨૩ માર્ચે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.

કોર્ટે આ મામલે EDને નોટિસ પાઠવી હતી અને ૨ એપ્રિલ સુધીમાં જવાબ માંગ્યો હતો. EDએ ૨ એપ્રિલની સાંજે કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો હતો. જેમાં એજન્સીએ કહ્યું કે આમ આદમી પાર્ટીએ કેજરીવાલ દ્વારા મની લોન્ડરિંગ કર્યું. ED અનુસાર, AAPને દિલ્હી લિકર પોલિસી કેસના પૈસાથી સૌથી વધુ ફાયદો થયો છે. ગોવા વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં પાર્ટીએ લિકર પોલિસી કેસમાં લગભગ ૪૫ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા.

# ચૂંટણીમાં પોલિંગ બૂથ પર ORS પણ રહેશે

### ૧૦ લાખ પોલિંગ બૂથો પર સુવિધા ઉપલબ્ધ કરાવવા આદેશ

નવીદિલ્હી,

આ વર્ષે દેશમાં એપ્રિલના અંતથી પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ ઉત્પન્ન થાય તેવી આગાહી છે આ દરમિયાન લોકસભાની ચૂંટણી પણ થવાની છે. ભીષણ ગરમીને જોતાં ચૂંટણીપંચે તેના ૧૬ માર્ચના દિશાનિર્દેશોને ફરી ઉચ્ચારતા રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનરોને ગરમીમાં મતદાતાઓ માટે દરેક જરૂરી વ્યવસ્થા કરવા કહ્યું છે. ચૂંટણીપંચે આ પહેલાં ગરમીના કારણે દેશભરમાં આશરે દસ લાખ મતદાન કેન્દ્રો પર તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડવા સૂચના આપી હતી, જેથી મતદાતાઓને મતદાન સમયે કોઈ તકલીફ ન થાય. ૨૦૦૪ પછીથી લોકસભા ચૂંટણી ઉનાળામાં યોજાઈ રહી છે. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીનું છેલ્લા તબક્કાનું મતદાન ૧૩ મે અને ૨૦૧૪માં ૧૨ મે તેમજ ૨૦૧૯ની ચૂંટણીમાં ૧૯મે ના રોજ છેલ્લા તબક્કાનું મતદાન થયું હતું.

## ૪૮ દિવસમાં જ ૧ કરોડ શ્રદ્ધાળુઓ ભગવાન રામના દર્શન કરવા પહોંચ્યા

# દુનિયાની ધાર્મિક રાજધાની બની 'અયોધ્યા'

અયોધ્યા,

અયોધ્યા દુનિયાની ધાર્મિક રાજધાની બની ગઈ છે. રામ મંદિર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે ૨૨ જાન્યુઆરીએ રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પછી ૧૦ માર્ચ સુધી અહીં ૧ કરોડ લોકો પહોંચ્યા છે. એટલે લગભગ ૨ લાખ લોકો અહીં રોજ દર્શન કરી રહ્યા છે.

દુનિયામાં આટલી મોટી સંખ્યામાં લોકો કોઈપણ ધર્મના ધર્મસ્થળ પર પહોંચી રહ્યા નથી. ઈસાઈઓના સૌથી મોટા ધાર્મિક સ્થળ વેટિકન સિટીમાં વાર્ષિક લગભગ ૯૦ લાખ લોકો આવે છે. જ્યારે મુસ્લિમોના પવિત્ર સ્થળ મક્કામાં ગયા વર્ષે ૧.૩૫ કરોડ લોકો પહોંચ્યા.૨૨ જાન્યુઆરીના રોજ ભગવાન રામની પ્રાણપ્રતિષ્ઠા થઈ. ત્યારથી ૪૮ દિવસ (૨૨ જાન્યુઆરીથી ૧૦ માર્ચ સુધી)માં અહીં ૧ કરોડ લોકો દર્શન કરી ચૂક્યા છે. યૂપી ટૂરિઝમ વિભાગના જણાવ્યા પ્રમાણે આ વર્ષે લગભગ ૮ કરોડથી વધારે શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચી શકે છે. ધાર્મિક સ્થળ પર બિઝનેસ મોનિટરિંગ કરનારી એજન્સી હ્યુમન કેપિટલ સાસ પ્લેટફોર્મ બેટરપ્લેસના જણાવ્યા પ્રમાણે આગામી ૪-૫ વર્ષોમાં અહીં દોઢથી ૨ લાખ લોકોને રોજગાર મળવાની શક્યતા છે.

અયોધ્યામાં મંદિર નિર્માણ સાથે અહીં જમીનની કિંમત ૧૦ ગણી વધી ગઈ છે. લગભગ ૭૦૦ લોકોએ પોતાના ઘરને હોમ સ્ટેમાં બદલી દીધા છે. છેલ્લાં ૨ વર્ષમાં લગભગ ૧૦૦ હોટલ બનીને તૈયાર છે. ૫૦ થી વધારે હોટલનું કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)એ આંકલન કર્યું હતું કે મંદિર નિર્માણથી અહીં વેપારનો આંકડો ૧ લાખ કરોડ રૂપિયા પહોંચી શકે છે. પ્રાણપ્રતિષ્ઠા પહેલાં ૫૦ હજાર કરોડનું અનુમાન હતું.



# ક્ષત્રિય સમાજ મોટું મન રાખે : પાટીલ



ગાંધીનગર,તા.૨

પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધને શાંત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં ગાંધીનગરમાં બેઠક યોજાઇ.બેઠક બાદ સી આર પાટીલે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે ક્ષત્રિય સમાજને મોટુ મન રાખીને રુપાલાને માફ કરી દેવા વિનંતી કરી છે.

પરશોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધને શાંત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં ગાંધીનગરમાં બેઠક યોજાઇ.બેઠક બાદ સી આર પાટીલે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે ક્ષત્રિય સમાજને મોટુ મન રાખીને રુપાલાને માફ કરી દેવા વિનંતી કરી છે.

પરશોત્તમ રૂપાલાના વિવાદ મુદ્દે ગાંધીનગરમાં બેઠક યોજાયા બાદ ભાજપે ક્ષત્રિયોને માફી આપવા અરજી કરી છે. ક્ષત્રિય સમાજને મોટું મન રાખીને રુપાલાને માફ કરવા ભાજપે વિનંતી કરી. બેઠક બાદ સી આર પાટીલે જણાવ્યુ કે રૂપાલાની ટિપ્પણીને કારણે ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો હતો.

જે પછી પરશોત્તમ રુપાલાએ ત્રણ વખત માફી માગી છે. ક્ષત્રિય સમાજને હું હાથ જોડી વિનંતી કરું છું. ભૂલ માટે વારંવાર માફી માંગી છે, તેમને માફ ક્ષત્રિય સમાજ માફ કરી દે.

મહત્વનું છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની હાજરીમાં યોજાયેલી બેઠકમાં ભાજપના ક્ષત્રિય અગ્રણીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ સાથે જ બેઠકમાં હર્ષ સંઘવી, ક્ષત્રિણ સમાજના અગ્રણીઓ બળવંતસિંહ રાજપૂત, જયરાજસિંહ પરમાર, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કિરીટસિંહ રાણા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ક્ષત્રિયાણીઓ વડાપ્રધાન મોદીને પોસ્ટકાર્ડ લખશે

## સુરતમાં ક્ષત્રિય સમાજે રૂપાલાના વિરોધની બેઠકમાં રણનીતિ ઘડી

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાનો વિરોધ મામલો સુરત સુધી પહોંચી ગયો છે. આ સાથે જ ક્ષત્રિય સમાજની મહિલાઓને પણ જોડાવા માટે અપીલ કરવામાં આવી છે. ક્ષત્રિય બહેનો દ્વારા PM મોદીને પોસ્ટકાર્ડ લખાશે.




રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાનું ક્ષત્રિય સમાજને લઈને કરવામાં આવેલા નિવેદન બાદ ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેમાં સુરતનો સહિત દક્ષિણ ગુજરાતનો ક્ષત્રિય સમાજ પણ જોડાયો છે. સુરતમાં વસતા તમામ ક્ષત્રિય સમાજો, પ્રતાપ ફાઉન્ડેશન સુરત તથા ભારત વર્ષના તમામ પ્રાંતોના સુરતમાં વસતા ક્ષત્રિય સમાજની બેઠક યોજાઇ હતી. બેઠકમાં રૂપાલાનો વિરોધને લઇ રણનીતિ બનાવવામાં આવી હતી. સીઆર પાટીલે હાથ જોડી માફી માંગી હોવા છતાં ક્ષત્રિય સમાજ નારાજ છે. ક્ષત્રિય સમાજની એક જ માગ રૂપાલાની ટિકિટ કાપો. સુરત બ્રહ્મ સમાજ દ્વારા સમર્થન જાહેર કરાયું છે.

# હિંમતનગરમાં કાર્યકરોએ પ્રફુલ પટેલના વિરોધમાં નારા લગાવ્યાં

## કાર્યકરોએ આરોપ લગાવ્યો કે પ્રફુલ પટેલે સાબરકાંઠામાં જૂથવાદ ઉભો કર્યો

સાબરકાંઠા

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે ભીખાજી ઠાકોરને બદલીને શોભનાબેન બારૈયાને ઉમેદવાર જાહેર કર્યા ત્યારથી વિરોધ યથાવત છે. ભીખાજીના સમર્થકો વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. આ દરમિયાન હિંમતનગરમાં ભાજપ કાર્યકરોએ પ્રફુલ પટેલના વિરોધમાં નારા લગાવ્યાં છે.

પ્રફુલ પટેલ રાજ્યના પૂર્વ ગૃહ પ્રધાન છે અને હાલમાં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા-નગર હવેલી દમણ-દીવ અને લક્ષદ્વીપના પ્રશાસક છે. હિંમતનગરમાં ભાજપ કાર્યાલય ખાતે ભેગા થયેલા ભાજપ કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો કે પ્રફુલ પટેલે સાબરકાંઠામાં જૂથવાદ ઉભો કર્યો અને આથી જ ભીખાજીને બદલીને શોભનાબેન બારૈયાને ભાજપે ટિકિટ આપી છે.

શોભનાબેન બારૈયા પ્રાંતિજના પૂર્વ કોંગી ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના પત્ની છે. મહેન્દ્રસિંહ થોડા સમય પહેલા જ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા છે.

# એપ્રિલમાં આકરી ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી

## ગુજરાત સહિત ૨૩ રાજ્યોમાં હીટવેવની શક્યતા

અમદાવાદ,

આ વર્ષે ગુજરાત સહિત દેશભરમાં આકરી ગરમી પડવાની આગાહી છે. જૂન મહિના સુધી તાપમાનનો પારો ઉંચો રહેવાની શક્યતા છે. આ માટે આવતા અઠવાડિયાથી ગુજરાતના તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રી વધી જશે. એપ્રિલના અંતથી ગુજરાત સહિત ૨૩ રાજ્યોમાં હીટવેવની શક્યતા છે. એપ્રિલમાં સતત ૨૦ દિવસ સુધી લૂ ફેંકાય તેવી શક્યતા છે. તો આ વર્ષે ગરમી જૂન મહિનામાં તમામ રેકોર્ડ તોડી શકે છે. મેદાની વિસ્તારોમાં લૂની અસર વધુ રહેવાની શક્યતા છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્યથી વધુ રહેશે. જોકે, આ વચ્ચે એક રાહતના સમાચાર એ છે કે, આખો એપ્રિલ મહિનો ગરમીનો માર સહન કરવાનો નહિ આવે. કારણ કે, એપ્રિલની શરૂઆતમાં જ કમોસમી વરસાદ દસ્તક આપશે. કમોસમી વરસાદને કારણે ગરમીના પારામાં



ઘટાડો થઈ શકે છે. ગુજરાતમાં બદલાયેલા મોસમના મિજાજ વચ્ચે નવી આગાહી આવી છે. એપ્રિલ મહિનામાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, એપ્રિલ માસમાં ગુજરાતના વાતાવરણમા પલટો આવશે. આંધી વંટોળ સાથે ગુજરાતમાં વરસાદનું આગમન થશે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી કે, ગુજરાતમાં એપ્રિલ મહિનામાં વાતાવરણમાં મોટો પલટો આવશે. એપ્રિલ મહિનામાં વરસાદ આવશે.

# પોલીસે લાફો મારતાં યુવકે ફાંસો ખાધો

## આક્ષેપ કરી પરિવારે પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવી

વાઘોડિયા

વાઘોડિયા તાલુકાના કુમેઠા ગામે સોમવારે સાંજે એક માથાકૂટમાં પોલીસ જીપ અને એક ખાનગી કાર લઈ તપાસ માટે ગઈ હતી. જ્યાં પોલીસ કર્મચારીઓએ એક નિર્દોષ યુવકને પકડી લાફા ઝીકી દેતાં યુવકને લાગી આવ્યું હતું, જેથી યુવકે આઘાતમાં આવી મોડી રાત્રે ફાંસો ખાઈ જીવન ટુકાવ્યું હતું. પોલીસે લાફો મારતા યુવકે ફાંસો ખાધો હોવાનો આક્ષેપ કરી પરિવારે પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

વડોદરા જરોદ રોડ ઉપર ભણીયારા નજીક આવેલા કુમેઠા ગામે ગઈકાલે સાંજે થયેલી એક બબાલમાં જરોદ પોલીસમથકમાંથી સરકારી જીપ અને એક ખાનગી કાર લઈ પોલીસ તપાસ માટે પહોંચી હતી. જ્યાં પોલીસે ગામના નિર્દોષ લોકો સાથે મારામારી કરી હતી. ગામના ૨૫ વર્ષના યુવક નીતિન રમેશભાઈ પરમાર આ સમયે ત્યાં જ હાજર હતો, ત્યારે પોલીસે તેને અચાનક રોકી ગાલ પર લાફા ઝીકી જીપમાં બેસાડી દીધો હતો. ગામમાં ઝઘડાની બબાલ હોવાથી લોકોના ટોળેટોળા વળ્યા હોવાથી પોલીસ કડકાઈથી કામ લેવા જતાં મારપીટ શરૂ કરી હતી.

# ડ્રગ્સની બાતમી આપતો હોવાની શંકા રાખી જાહેરમાં યુવકની હત્યા

## છેલ્લા બે દિવસમાં સુરતમાં હત્યાની ત્રીજી ઘટના બનીને સામે આવી

સુરત,

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ફરી એક વખત સવાલો ઉભા થયા છે. સુરતના રીંગરોડ ખાતા આવેલી જૂની સબજેલ નજીક મોડી સાંજે ચારથી પાંચ જેટલા શખ્સોએ યુવક ઉપર ઘાતક હથિયારથી જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઈ છે. હત્યાની આ ઘટના બાદ આરોપીઓ ફરાર થઈ જતા પોલીસે લાશને પીએમ અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

જોકે છેલ્લા બે દિવસમાં સુરતમાં હત્યાની આ ત્રીજી ઘટના બનીને સામે આવતા પોલીસ કમિશનર વિનાના સુરત શહેરમાં તાકીદે નવા પોલીસ કમિશનરની નિમણૂક કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. અત્યારની આ ઘટનામાં મૃતક પોલીસને વાતની આપતો હોવાની શંકા રાખી ડ્રગ્સ પેડલરો દ્વારા હત્યા કરવામાં આવી હોવાનો આરોપ મૃતકના પરિવારે કર્યો છે. સુરત શહેર ફરી રક્ત-રંજીત બન્યું છે. છેલ્લા બે દિવસમાં સુરત શહેરમાં હત્યાના ત્રણ બનાવો સામે આવ્યા છે.

# સુરત : નકલી સુમુલ શુધ્ધ ઘીનો જથ્થો ઝડપાયો

## મુદ્દામાલ કબજે કરી એક આરોપીને વોન્ટેડ બતાવ્યો

સુરત

સુરતના કાપોદ્રા કારગીલ ચોક કૈવટ નગર સોસાયટીમાં આવેલ જય હસમુખા હનુમાન ડેરી એન્ડ બેકરીમાં ગતરોજ પોલીસે રેડ પાડી સુમુલ ડેરીના સુમુલ શુધ્ધ ઘીનો ડુપ્લિકેટ જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ડેરીના માલીકની ધરપકડ કરી ડેરીમાંથી ડુપ્લિકેટ શુધ્ધ ઘીના ૧ લીટરના અને ૫૦૦ મી.લીના ૮ પાઉચ મળી કુલ રૂપીયા ૩૪૧૦નો મુદ્દામાલ કબજે કરી એક આરોપીને વોન્ટેડ બતાવ્યો છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા કારગીલ ચોક કૈવટનગર સોસાયટીમાં આવેલ જય હસમુખા હનુમાન ડેરી એન્ડ બેકરીમાં ગતરોજ મોડી સાંજે સાડા છ વાગ્યે પોલીસે રેડ પાડી હતી. જેમાં તપાસ દરમ્યાન ડેરીમાંથી સુરત-તાપી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિમિટેડ સુમુલ ડેરીના કોઈ પણ પ્રકારના લાયસન્સ વગર સુમુલ શુધ્ધ ઘીના ૧ લિટરના ૩ અને ૫૦૦ મી.લીના ૫ મળી કુલ ૭ પાઉચ મળી કુલ રૂપિયા ૩૪૧૦નો જથ્થો મળી આવ્યો હતો.

# કેજરીવાલની ગેરહાજરીમાં તેમની પત્ની ગુજરાતમાં પ્રચાર કરી શકે છે

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં છેલ્લી સભાને સંબોધી હતી. કેજરીવાલે પંજાબના સીએમ ભગવંત માન સાથે પાર્ટીનું ચૂંટણી અભિયાન "મેં ભી કેજરીવાલ" શરૂ કર્યું હતું. દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં જેલમાં ગયા બાદ આપની તૈયારીઓને મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાતની ભરૂચ બેઠક આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ પાસેથી ભારે તાકાતથી છીનવી લીધી હતી. ભરૂચ સીટ માટે આપએ ગોવા અને ચંદીગઢ સીટ છોડવી પડી હતી. એક બેઠક મેળવવા માટે પાર્ટીએ કોંગ્રેસને બે બેઠકો આપી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૪ ટકા મતો મેળવીને રાષ્ટ્રીય પક્ષ બનેલી આપએ ભરૂચ અને ભાવનગર લોકસભા બેઠકો પર તેના વર્તમાન ધારાસભ્યોને મેદાનમાં ઉતાર્યા છે. આપ કન્વીનરની ધરપકડ બાદ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી લોકસભા ચૂંટણીમાં બંને બેઠકો પર ભાજપને ટક્કર આપવા માટે નવી વ્યૂહરચના પર કામ કરી રહ્યા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કેજરીવાલની ગેરહાજરીમાં તેમની પત્ની ગુજરાતમાં દસ્તક આપી શકે છે. તે બંને લોકસભા મતવિસ્તારોમાં પાર્ટીના ઉમેદવારો માટે કાર્યક્રમોનું આયોજન કરી શકે છે.

# PSI અને લોકરક્ષક ભરતીની પરીક્ષા ઓફલાઈન લેવાશે

## ૧૨૪૭૨ જગ્યાઓ સીધી ભરતી કરવા માટે થોડા દિવસ અગાઉ જાહેરાત કરાઈ હતી

અમદાવાદ,

PSI તથા લોકરક્ષક ભરતીની પરીક્ષાને લઈ મહત્વપૂર્ણ અપડેટ આવ્યું છે. હસમુખ પટેલે ટ્વીટ કરી જણાવ્યું છે કે, આ પરીક્ષાઓ ઓફલાઈન લેવાશે. ગુજરાત પોલીસ દળમાં પો.સ.ઇ. કેડરની બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા લોકરક્ષક કેડરની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને જેલ સિપોઇ વર્ગ-૩ સંવર્ગની કુલ ૧૨૪૭૨ ખાલી જગ્યાઓ સીધી ભરતી કરવા માટે થોડા દિવસ અગાઉ જ જાહેરાત કરવામાં આવી હતી. જે પરીક્ષા ઓફલાઈન લેવાશે.

આ તમામ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૪/૦૪/૨૦૨૪ (બપોરના ૩ વાગ્યા)થી તા.૩૦/૦૪/૨૦૨૪ (રાત્રિના ૧૧:૫૯ વાગ્યા સુધી) કાળજીપૂર્વક ઓનલાઈન અરજી કરવાની રહેશે.

# ૩૫ વર્ષ પહેલા થયેલા બેંક ફ્રોડ કેસમાં કોર્ટે ૯૬ વર્ષના આરોપીને એક વર્ષની કેદ ફટકારી

અમદાવાદ,

૩૫ વર્ષ પહેલા થયેલા બેંક ફ્રોડ કેસમાં ગુજરાતની એક કોર્ટે ૯૬ વર્ષની ઉંમરના એક વ્યક્તિને એક વર્ષની કેદની સજા ફટકારી છે. દોષિત વ્યક્તિ પથારીવશ છે અને ઘણી બીમારીઓથી પીડિત છે. આમ છતાં સીબીઆઈ કોર્ટે તેને સજા ફટકારી છે અને તેની સામે વોરંટ જારી કર્યું છે. કોર્ટે કડકતાનું કારણ પણ આપ્યું છે. દોષિતનું નામ અનિલ ગોસાલિયા છે અને તે મુંબઈમાં રહે છે.બીમારીના કારણે તે કોર્ટની કાર્યવાહીમાં હાજર રહી શક્યો ન હતો. તેની શારીરિક સ્થિતિ સારી ન હોવા છતાં, CBIના વિશેષ ન્યાયાધીશ સી.જી. મહેતાએ તેમની સામે દોષિત ઠરાવવાનું વોરંટ જારી કર્યું હતું. ગોસાલિયાના વકીલ આરજી આહુજાએ કોર્ટને તેમના અસીલની તબિયત વિશે જાણ કરી અને આના આધારે નમ્રતા દાખવવાની વિનંતી કરી. ગોસાલિયાની સ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટે દયા દાખવી તેને એક વર્ષની જેલની સજા ફટકારી હતી. કોર્ટે સ્વીકાર્યું કે તે પોતાની રોજિંદી પ્રવૃત્તિઓ સ્વતંત્ર રીતે કરી શકતો નથી. જો કે, ન્યાયાધીશે ગોસાલિયાના વકીલની પ્રોબેશનનો લાભ આપવાની વિનંતીને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, 'જ્યાં સુધી કોર્ટ આ પ્રકારના સામાજિક-આર્થિક ગુનાઓમાં યોગ્ય સજા ન આપે ત્યાં સુધી લોકોનો ન્યાય પ્રણાલી અને કાયદાના હેતુ પરથી વિશ્વાસ ઉઠી જાય છે. ખોટી સહાનુભૂતિ અથવા અયોગ્ય ઉદારતા સમાજમાં ખોટો સંદેશો જશે. ગોસાલિયા ઉપરાંત તેમના ૭૧ વર્ષના પુત્ર દિલીપ અને ૫૮ વર્ષના ભત્રીજા વિમલને પણ બેંક છેતરપિંડીનો દોષી ઠેરવવામાં આવ્યો હતો અને કોર્ટે તેમને પાંચ વર્ષની જેલની સજા ફટકારી હતી. ગોસાલિયા સિવાયના તમામ આરોપીઓ કોર્ટમાં હાજર હતા, જેથી તેઓને તાત્કાલિક કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

# દુનિયામાં આજે સેમી કંડક્ટર ચિપ્સની સ્પર્ધા : જયશંકર

રાજકોટ

સેમિકન્ડક્ટર ચિપને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનું હૃદય માનવામાં આવે છે. સ્માર્ટફોનથી લઈને કાર, ડેટા સેન્સર્સ, કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, સ્માર્ટ ઉપકરણો, વાહનો, ઘરગથ્થુ ઉપકરણો, જીવન રક્ષક ફાર્માસ્યુટિકલ ઉપકરણો, એગ્રી ટેક, એટીએમ અને અન્ય ઘણા ઉત્પાદનોમાં તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. આ જ કારણ છે કે સરકાર દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માગે છે.



રાજકોટ આવેલા દેશના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે, આજે સેમી કંડક્ટર ચિપ્સની સ્પર્ધા ચાલી રહી છે. તાજેતરમાં જ ચિપ્સની ફેક્ટરી ગુજરાતમાં ધોલેરામાં બનશે. ૧૦૪ વિશ્વ વિદ્યાલયના ઈજનેરી કોર્સમાં પરિવર્તન લાવશે. ૫૦ હજાર ઈજનેર સેમી કંડક્ટર ઈન્ડસ્ટ્રીઝમાં હશે.

# આચારસંહિતાના નામે પોલીસના સ્વાંગમાં રૂપિયા ૨.૫૫ લાખની લૂંટ

## વલસાડ એલ.સી.બી. પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા

વલસાડ,

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંભેટી ગામે આચારસંહિતાના નામે નકલી પોલીસના સ્વાંગમાં ૨.૫૫ લાખની લૂંટ કરી આરોપી ફરાર થઈ ગયા હતા. આ કેસમાં ગુનાને અંજામ આપનાર ટોળકીના બે આરોપી પૈકી એક માજી ફૈજીના દીકરાને વલસાડ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી તેઓ પાસેથી લૂંટના રોકડા રૂ. ૨.૨૦ લાખ કબજે કર્યા હતા. કપરાડા અંભેટી ગામના ખરેડા ફળિયામાં રહેતા મનીષ રણછોડભાઈ પટેલના ઘરે ગત તા. ૨૪.૩.૨૦૨૪ ના રોજ રાત્રે ૯-૧૫ વાગ્યાના સુમારે સ્વીફ્ટ કારમાં આવી પહોંચેલા પાંચ જેટલા ઈસમોએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને મનીષને કોલરથી ઝાલી હાલમાં ચૂંટણીનો સમય હોય ૫૦,૦૦૦થી વધારે રૂપિયા ઘરમાં રાખી ન શકાય તેમ કહીને પોલીસ સ્ટેશને લઈ જવાની ધમકી આપી હતી. વધુમાં તેઓએ મનીષ પાસેથી ગામમાંથી ફંડ-ફાળાના ઉઘરાવેલા ૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. જે બાદ તેઓએ મનીષ તથા ત્યાં હાજર નાના વાઘછીપાના સંજય પટેલને કારમાં બેસાડી દઇ કોલક નદીના પુલ પાસે લઈ જઈને, મનીષને છોડવાની અવેજમાં ખંડણી પેટે વધુ રૂપિયાની માંગણી કરીને વધુ રૂ. ૧.૪૦ લાખ પણ પડાવ્યા હતા.

# કાજલ હિન્દુસ્તાનીની મુશ્કેલીમાં વધારો

## મોરબી તાલુકા કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ

મોરબી

મોરબીમાં પાટીદાર સમાજની દીકરીઓ પરના નિવેદનને લઈને કાજલ હિંદુસ્થાની સામે બદનક્ષીની ફરિયાદ નોંધાઈ છે. મનોજ પનારાએ કાજલ હિંદુસ્થાની સામે મોરબી તાલુકા કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ કરી છે. તો આજે પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓની બેઠક મળશે. જેમાં સમાજનાં સંમેલનને લઈને ચર્ચા કરવામાં આવશે.

પાટીદાર સમાજ અગ્રણી મનોજ પનારાએ જણાવ્યું કે, કાજલ સિંગાડા નામની વ્યક્તિએ પાટીદાર સમાજ ઉપર જે પ્રકારના ખોટા આક્ષેપો કર્યા છે. જેઓએ પોતાની ટીઆરપી માટે પાટીદાર સમાજને, પાટીદાર સમાજની દીકરીઓને અને ઉદ્યોગપતિઓને જે રીતે જાહેર સ્ટેજ ઉપરથી બદનામ કર્યા છે. જેના પગલે તેમના વિરૂદ્ધ મોરબી કોર્ટમાં બદનક્ષીનો દાવો રજૂ કર્યો છે તેમજ ક્રિમિનલ દાવો પણ રજૂ કર્યો છે.

# દાહોદમાં ચાંદલાના ૫૦૦૦ રૂપિયા બાબતે ઝઘડો થતાં પતિએ પત્નીની કરી હત્યા

દાહોદ,

૫ હજાર રુપિયા માટે પતિએ કરી પત્નીની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. દાહોદના ડુગરી ગામના ધાટી ફળીયાની આ ઘટના છે. જ્યાં પત્નીનો ભાઈ લગ્નના ચાંદલા નિમિતે ૫ હજાર રુપિયા કેમ નથી આપતો, જેવી સામાન્યા બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને આ ઝઘડામાં ૪ વર્ષના લગ્ન જીવનનો કરુણ અંત આવ્યો હતો. પતિએ ઝગડો ઉગ્ર બનતા તેની પત્ની નિતાબેનના ગળાના ભાગે દોરડુ વીટાળી દઇ હત્યા નિપજાવી હતી અને તે બાદ આરોપી પતિ સંજય ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મૃતકના ભાઈની ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી સમગ્ર મામલે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વાત કરીએ તો, ડુગરી ગામના ધાટી ફળીયા રેહતા સંજય નુરજી વગીલા સાથે કચુમબર ગામના નિતાબેન કલાસવાના ચાર વર્ષ અગાઉ લગ્ન થયા હતા. ગઈકાલે સાંજના સમયે મૃતક નિતાબેનના પતિ સંજયએ તેની સાથે તારો ભાઈ વિરેશ ચાંદલાના રુપિયા ૫૦૦૦ કેમ નથી આપતો, તેમ કહી બોલાચાલી કરી હતી. ત્યાર બાદ બન્ને પતિ-પત્ની વચ્ચે ઝગડો ઉગ્ર બનતા સંજયએ ઘરમાં રાખેલા દોરડા વડે નિતાબેનના ગળાના ભાગે વીંટાળી દઇ હત્યા કરી ફરાર થઈ ગયો હતો.

આ અંગે આસપાસમાં રેહતા નિતાબેનના પાડોશી ઘરમાં નિતાબેનને બોલાવા જતા નિતાબેન મૃત હાલતમાં પડેલા જોતા તેમના પીયરમાં ભાઈ વિરેશ જોખના કલાસવાને જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા અને લીમડી પોલીસ મથકે જાણ કરી હતી. ઘટનાને પગલે ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને અકસ્માતે મોતનો ગુનો નોંધી પીએમની કાર્યવાહી હાથ ધરી હતી.

પીએમ દરમિયાન નિતાબેનનું મોત ગળે દોરડા વડે દબાવાથી થયું હોવાનું સામે આવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી અને પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે, પતિ-પત્નીનો ઝઘડો થયો હતો.

# રાજકોટ બેડી માર્કેટીંગ યાર્ડનું વાર્ષિક ટનઓર્વર રૂ.૩૦૦૦ કરોડથી વધુ : સારા ભાવ મળતા ખેડૂતોનો વિશ્વાસ વધ્યો

## જુના યાર્ડનું ટર્નઓવર રૂા.૧૫૦૦ કરોડને આંબી ગયું : વિવિધ જણસોની ઢગલા મોઢે આવક

રાજકોટ,રાજકોટના મોરબી રોડ ઉપર બેડી ખાતે આવેલા સૌરાષ્ટ્રના સૌથી મોટા માર્કેટ યાર્ડ પર ખેડુતોને સારા ભાવ મળી રહ્યા હોવાથી વિશ્વાસ હોય વિવિધ જણસોની ઢગલા મોઢે આવક થઇ રહી છે અને કરોડોના સોદા થઇ રહ્યા છે. રાજકોટ બેડી માર્કેટીંગ યાર્ડનું વાર્ષિક ટનઓર્વર રૂ.૩૦૦૦ કરોડથી વધુ અને જુના યાર્ડનું ટર્નઓવર રૂા.૧૫૦૦ને આંબી ગયું છે. તેમજ આગામી દિવસોમાં ટર્નઓવરનો આંકડો વધી પણ શકે છે.




આ અંગે યાર્ડના સેક્રેટરીએ કહ્યું હતું કે રાજકોટના બેડી માર્કેટ યાર્ડમાં સતત ઝણસીની આવક થઇ રહી છે અને ખેડુતોને પોતાના ઉત્પાદનના સારા ભાવ મળી રહ્યા હોવાથી જણસની આવકમાં વધારો થયો છે અને દૈનીક કરોડોમાં સોદા થઇ રહ્યા છે. જેમાં ૨૦૨૩-૨૪ના વર્ષમાં રાજકોટ બેડી ગાર્ડનું વાર્ષીક ટર્ન ઓવર રૂા.૩૦૦૦ કરોડે પહોંચ્યું છે. તેમજ આરટીઓ નજીક રહેલ જુના યાર્ડનું ટર્નઓવર પણ રૂા.૧૫૦૦ કરોડની આજુબાજુ રહે છે.

વધુમાં સેક્રેટરીએ જણાવ્યું હતું. આ ટર્નઓવર આવક અને જાવક ઉપર નિર્ભર છે જેમાં જયારે માંગ વધારે હોય છે ત્યારે યાર્ડમાં દૈનીક ૨૦ કરોડથી વધારેની આવક થાય છે અને ઓફ સિઝનમાં દૈનિક રૂા.૬ થી ૭ કરોડથી વધુની આવક રહે છે. વર્તમાનમાં યાર્ડમાં માર્ચ એન્ડીંગની રજા હતી અને ૧૦ દિવસની રજા બાદ યાર્ડ ખુલતા આજે રૂા.૨૫ કરોડની જણસી ઠલવાઇ હતી. જેમાં રૂા.૧૫ કરોડના સોદા થયા હતા અને રૂા.૮-૯ કરોડની જણસી પડી રહી હતી.

રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં ખરીફ પાક જેવા કે ઘઉં, કપાસ, જીરૂ, ચણા, મગફળી સહીતની ૩૭ જેટલી જણસીની આવક ઉતરાઇ માટે આવી રહી છે અને વિશાળ ડોમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી ખરાબ મૌસમમાં ખેડુતોના માલને નુકશાન નહીવત થતું હોવાથી ખેડુતોનો માલ સહી સલામત રહેતો હોવાથી બેડી યાર્ડમાં ઢગલા મોઢે આવક થતા ટર્નઓવર પણ કરોડો રૂપિયામાં થઇ રહ્યું છે જયારે જુના યાર્ડમાં શાકભાજીની આવક માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. બન્ને યાર્ડ અલગ અલગ રહેતા વિશાળ જગ્યા પાક ઉતરાઇ માટે હોવાથી ખેડુતોને સગવડતા મળી રહી છે અને આ સગવડતાનો લાભ યાર્ડની આવકમાં વધારો કરી રહી છે.

યાર્ડના સુત્રોના જણાવ્યા મુજબ જણસીની આવક વધી રહી હોવાથી આ વર્ષે ટર્નઓવરમાં રૂા.૫૦૦ કરોડનો વધારો થયો છે. ગત વર્ષે યાર્ડનું ટર્નઓવર રૂા.૪૦૦૦ કરોડની આસપાસ રહ્યું હતું અને આ વર્ષે રૂા.૪૫૦૦ કરોડે પહોંચી ગયું છે.હિસાબી વર્ષ પૂરૂ થયા બાદ બેડી યાર્ડ ફરી ધમધમતું થયું છે. રજા બાદ બીજા દિવસે ઘઉંની આવક ટોચ પર રહી હોય તેમ ૧ લાખ મણની આવક, ચણાની ૭૦ હજાર, ધાણાની ૧૬૦૦૦, કપાસની ૧૪૦૦૦ અને જીરૂની ૧૨૦૦૦ મણની આવક હતી જ્યારે મગફળીની ૧૧ હજાર ગુણીની આવક થઇ હતી.

# રાજકોટમાં હોટલો, હોસ્પિટલ, શાળાઓ, સોસાયટી, વોર્ડ, સરકારી કચેરી, માટે સ્વચ્છતા રેંકીંગ સ્પર્ધા યોજાશે

## સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અન્વયે તા.૧૫ એપ્રિલ સુધી ભરી શકાશે ફોર્મ : દરેક કેટેગરીમાં ટોપ-૩ વિજેતા જાહેર થશે




રાજકોટ,

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અન્વયે સીટીઝન એંગેજમેન્ટ અન્વયે સ્વચ્છ હોટલ, સ્વચ્છ હોસ્પિટલ, સ્વચ્છ સ્કૂલ, સ્વચ્છ રેસિડન્સ વેલ્ફેર એસોસિએશન, મોહલ્લા, સ્વચ્છ સરકારી ઓફિસ, સ્વચ્છ વોર્ડ તથા સ્વચ્છ માર્કેટ એસોસિએશન માટે સ્વચ્છતા રેંકિંગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરીજનો ભાગ લઈ પોતાના વિસ્તારને સ્વચ્છ બનાવવા માટે સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધા વિશે વધુ માહિતી આપતા કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતં કે, આ સ્વચ્છતા રેંકિંગમાં ભાગ લેનારને સ્વચ્છતાના જુદા જુદા પેરામીટર્સ જેમ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સર્વિસ મેન્ટેનન્સ અને લોકોના ફીડબેક તથા પરિસરની સ્વચ્છતા, શૌચાલયનું બાંધકામ તથા શૌચાલયની સ્વચ્છતા, દાદરા-લોબીની સ્વચ્છતા, કચરા પેટીની વ્યવસ્થા, ભીના કચરાનો વ્યવસ્થિત નિકાલ, પીવાના પાણીની વ્યવસ્થા ઉપર દરેક કેટેગરીમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવશે. આ સ્વચ્છતા રેંકિંગમાં ભાગ લેવા માટે વેબસાઈટ ઉપરથી તા.૧૫-૪ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

સ્પર્ધાના નિયમો:- (૧) આ સ્વચ્છતા રેંકિંગ સ્પર્ધા એક જ વખતની સ્પર્ધા રહેશે.(૨) સ્વચ્છતા જાગૃતિ અંગેના બેનર તથા હોર્ડિંગ્સ લગાવવાના રહેશે તેમાં સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪નો લોગો ફરજીયાત લગાવવાનો રહેશે. જે પ્રથમ માળ રૂમ નં -૭, ઢેબર રોડ, સેન્ટ્રલ ઝોન, ફોન ૨૨૨૮૧૭૭ પરથી મળી રહેશે. (૩) આ સ્પર્ધાનો આખરી નિર્ણય કમિશ્નર અને ડે.કમિશ્નરની સોલીડ વેસ્ટ કમીટી કરશે.

# રાજકોટ શહેરમાં જાહેર માર્ગોમાં પાન-ફાકી ખાઈ થુંકતા પાંચ ઝડપાયા

રાજકોટ,

રાજકોટ મનપા દ્વારા જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૦૧-૦૪-૨૦૨૪ ના રોજ ૦૫ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓ ને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ છે

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૨૨૦ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૪૭૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે, દરમ્યાન તા.૦૧-૦૪-૨૦૨૪ના રોજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૧૦ ફરિયાદો સીસીટીવી



કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી.આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઈન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ.

ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરના સુપરવિઝન હેઠળ, કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસર વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

# સોમનાથ મંદિર પાસે ડિમોલિશન : ૧૦૦ જેટલા દબાણો દૂર કરતું તંત્ર


## સોમનાથ શોપિંગ સેન્ટરના વેપારીઓને ગ્રાહકો મળવાની મુશ્કેલીઓ દૂર થઈ

મિતેશ પરમાર, વેરાવળ,

સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા વિકાસકાર્યો તથા શિવરાત્રિને લઈને સુરક્ષાને ધ્યાને લેતા કરવામાં આવેલા બેરિકેડિંગ તથા દિવાલને કારણે સોમનાથ શોપિંગ સેન્ટરના વેપારીઓને ગ્રાહકો મળવાની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ બાબતે શોપિંગ સેન્ટરના વેપારીઓએ જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા અને સોમનાથ ટ્રસ્ટને રજૂઆત કરી હતી.







સ્થાનિક વેપારીઓની આ રજૂઆતને ધ્યાનમાં લઈને કલેક્ટરશ્રીએ વેરાવળ પ્રાંત અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને ૧૦ સભ્યોની સમિતિની રચના કરી હતી. જેમાં સોમનાથ સુરક્ષાના નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પ્રભાસપાટણ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, વેરાવળ, મામલતદારશ્રી, વેરાવળ શહેર, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી અને વ્યાપારી મંડળના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

આ સમિતિને એક અઠવાડિયાની અંદર વેપારીઓને લગતા પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે કલેક્ટરશ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ સૂચના આપી હતી. તેનો ત્વરિત અમલ કરતાં આજે સવારે સોમનાથ મંદિર પાસે થયેલા ૧૦૦ જેટલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

દિગ્વિજય દ્વારની સામે આવેલ કુંભારવાડામાં જૂના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. હોટલ તેમજ મકાનોની બહાર કાઢેલ શૌચાલય-બાથરૂમ, ઓટલા, કેબીન જેવા દબાણો જેસીબીની મદદથી દૂર કરવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા સોમનાથ મંદિર શોપિંગ સેન્ટર ખાતે ૧૨૦ દુકાનોના દુકાનમાલિકોના પ્રતિનિધિઓ સાથે કલેક્ટરશ્રીએ બેઠક યોજી વેપારીઓને અગવડરૂપ પ્રશ્નોની રજૂઆતો સાંભળી તેનું એક અઠવાડિયામાં નિરાકરણ લાવવાની હૈયાધારણ આપી હતી. જેનો અમલ કરતાં આજે તાત્કાલિક ધોરણે ૧૦૦ જેટલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહીથી રસ્તો પહોળો થવાથી દર્શનાર્થીઓ, પ્રવાસીઓ, મંદિરની આજુબાજુના રહેણાંક વિસ્તાર તથા સોમનાથ શોપિંગ સેન્ટરનાં વેપારીઓ તથા રીક્ષા-વાહનચાલકોને રાહત થઈ છે. જેથી ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ છે. આગામી સમયમાં પઠાણવાડા વિસ્તારમાં પણ અનધિકૃત બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રાંત અધિકારીશ્રી, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી તેમજ પોલીસ અધિકારીઓની હાજરીમાં આ અનધિકૃત બાંધકામ દૂર કરવામાં આવ્યાં હતાં.

# રાજકોટ ખાતે ઈલેકશન આઈકોન ચેતેશ્વર પુજારા સાથે "વોટીંગ પ્રીમિયર લીગ" કાર્યક્રમમાં યુવા મતદારોએ કરી ગોષ્ઠિ

## દેશ માટે મત આપવો અને રમવું એ બંને ગૌરવપ્રદ ક્ષણો છેઃ ચેતેશ્વર પૂજારા







રાજકોટ:જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત વોટીંગ પ્રીમિયર લીગ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ઈલેક્શન આઈકોન આંતરરાષ્ટ્રીય ક્રિકેટર શ્રી ચેતેશ્વર પુજારા સાથે વિવિધ શાળા, કોલેજોના યુવા મતદારોએ ગોષ્ઠિ કરી હતી. ઈમ્પીયરીયલ પેલેસ હોટલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમના પ્રારંભે યુથ આઈકોન પુજારા તથા મહાનુભાવોએ બેટ બોલનું કર્ટન રેઝર કરી પ્રતીક રૂપે "વોટીંગ પ્રીમિયર લીગ"નો પ્રારંભ કરાવ્યો હતો.

કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ સૌ ઉપસ્થિતોને આ ઉમદા કાર્યમાં યોગદાન અને પ્રોત્સાહન આપવા માટે બિરદાવ્યા હતાં તેમજ યુવા મતદારોને સંબોધતા કહ્યું હતું કે, મતાધિકારને "ટેકન ફોર ગ્રાન્ટેડ" અને હળવાશથી લેવો ન જોઈએ. આપણા દેશની જીવંત લોકશાહીને લીધે આપણને સૌને આ અધિકાર પ્રાપ્ત થયો છે. આ અધિકાર પ્રત્યે જાગ્રત થઈને આપણે સૌએ અચૂક મતદાન કરવું જોઈએ. આપણા પાડોશી દેશો તરફ નજર કરીએ તો તમામ દેશો લોકશાહીના અભાવે કે નબળી લોકશાહીના લીધે ગૃહયુદ્ધ, સૈન્ય સંચાલિત રાજ્ય, કે રાજાશાહી ધરાવે છે. એક ભારતીય તરીકે આપણે ગર્વ લઈ શકીએ કે આપણો દેશ સૌથી મોટી જીવંત લોકશાહી છે.'વોટીંગ પ્રીમિયર લીગ-વોટકા દમ વિથ ચેતેશ્વર પુજારા" કાર્યક્રમમાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ પ્રથમ વખત મતદાન સમયે બુથની જાણકારી, વોટર આઈ.ડી. મળ્યું ન હોય તો વોટિંગ કરી શકાય?, મતદારને હેલ્પ થઈ શકે તે માટે ઉપયોગી એપ્સ, પ્રથમ વખતનો મતદાનનો અનુભવ, મતદાનના આઈ.ડી.માં ફેરફાર તથા બોર્ડર પર ફરજ બજાવતા સૈનિકો કઈ રીતે વોટ આપે છે, તેવા વિવિધ પ્રશ્નો ઈલેક્શન આઈકોન શ્રી ચેતેશ્વર પુજારા તથા કલેક્ટરશ્રી - રાજકોટને પૂછ્યા હતા. આ પ્રશ્નોના પ્રત્યુતરમાં કલેકટરશ્રીએ વોટર હેલ્પલાઈન, સક્ષમ, નો યોર પોલિંગ સ્ટેશન જેવી એપ્લિકેશન તથા સર્વિસ વોટરના બેલેટ મતદાન વગેરે વિશે માહિતી આપી હતી.આ કાર્યક્રમમાં ધોળકિયા શાળાના બાળકો દ્વારા ઈલેક્શન એન્થમ" મૈ ભારત હું.. ભારત હૈ મુજ મે" ગીત પર કઠપૂતળી રૂપે નૃત્ય પ્રદર્શન કરી મતદાનના મહત્વને સમજાવ્યું હતું. આ તકે દિવ્યાંગ આઈકોન શ્રી શૈલેષભાઈ પંડ્યા તથા થર્ડ જેન્ડર આઈકોન રાગીણીબેન પણ જોડાયા હતા. સૌ ઉપસ્થિતોએ મતદાન કરવાના શપથ લીધા હતા.ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમમાં પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ, પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણે, અધિક નિવાસી કલેટરશ્રી ચેતન ગાંધી, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સ્વપ્નિલ ખરે, અધિક કલેકટર અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જીજ્ઞાસા ગઢવી, જિલ્લા પૂરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વંગવાણી, પ્રાંત અધિકારીશ્રી ચાંદની પરમાર, જિલ્લા રમતગમત અધિકારી શ્રી વી.પી.જાડેજા, મામલતદારશ્રીઓ, અધિકારીશ્રીઓ, પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારો, ક્રિકેટ રસિકો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન રેડ એફ.એમ અને રાજકોટની રાણી તરીકે પ્રખ્યાત આર.જે. ઈશિતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિવાળીએ નમૂના લીધા, રિપોર્ટ હોળી પછી આવ્યો કે, તે મુખવાસ ખાવા લાયક ન હતો

## હાલ મસાલાના નમૂના લેવાયા, ટ્રક મોઢે વેચાયા બાદ રિપોર્ટ આવશે,ત્યાં સુધીમાં કરોડોનો વેપાર થઈ જાય છે!

રાજકોટ:રાજકોટ શહેરમાં દિવાળીએ પ્રકાશ સ્ટોર્સ અને અમૃત મુખવાસમાંથી અલગ અલગ મુખવાસના નમૂના લેવામાં આવ્યા હતા. ત્યારબાદ માર્કેટિંગ યાર્ડમાં ઈ-૫૦માં શ્રીરામ માર્કેટિંગમાંથી આઈશ્રી સોનલ બ્રાન્ડ સિંગતેલના નમૂના લેવાયા હતા અને ગીતગુર્જરી સોસાયટીમાં આવેલી ગાયત્રી ડેરીમાંથી કેસર શિખંડના નમૂના લેવાયા હતા. મુખવાસ અને શિખંડમાં સિન્થેટિક કલરની હાજરી અને તેલમાં આયોડિનનું પ્રમાણ વધુ રહેતા નીચી ગુણવત્તાનું સાબિત થયું છે જેથી આ તમામના રિપોર્ટ હવે છેક આવ્યા છે જેમાં બધા જ સબસ્ટાન્ડર્ડ નીકળ્યા છે. પણ ગંભીર બાબત એ છે કે, રિપોર્ટ આવતા આવતા ચાર મહિના વીતી ગયા છે. આ સમયમાં બધા ભેળસેળિયાઓએ અનેકગણી કમાણી કરી લીધી છે. હવે અધિક કલેક્ટરની કોર્ટમાં આ રિપોર્ટ અંગે કાર્યવાહી હાથ ધરાશે અને નિર્ણય આવતા આવતા બીજી દિવાળી આવી જશે આ રીતે દરેક તહેવાર ભેળસેળિયાઓ માટે ઉજવણી સમાન



થતા જાય છે.રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખા સમયાંતરે અલગ અલગ ખાદ્ય પદાર્થોના નમૂના લે છે અને તેના પૃથક્કરણ માટે વડોદરા સ્થિત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની લેબમાં મોકલી આપે છે. ત્યાંથી રિપોર્ટ આવે ત્યારબાદ દંડ માટે અધિક કલેક્ટરની કોર્ટમાં અને જો રિપોર્ટ આરોગ્યને જોખમાય તેવો આવે તો સીધા કોર્ટમાં કાર્યવાહી કરવાની હોય છે. પણ, માત્ર સેમ્પલના રિપોર્ટમાં જ ચાર-ચાર મહિના વીતી જાય છે. આ સમય દરમિયાન ભેળસેળ કરનારા તત્ત્વો બેફામ કમાણી કરી લે છે. જ્યાં સુધી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ લેબની સંખ્યા અને લેબની કાર્યક્ષમતામાં વધારો નહિ કરે ત્યાં સુધી આવી જ સ્થિતિ રહેશે. જે કોઇ ભેળસેળિયાને ત્યાંથી સેમ્પલ લેવાશે એટલે રિપોર્ટ ન આવે ત્યાં સુધીમાં તે સસ્તો માલ વેચીને પણ લાખો રૂપિયા એકઠા કરી લેશે. જ્યારે રિપોર્ટ આવે અને કાર્યવાહી ચાલુ થાય ત્યાં સુધીમાં બીજા છ માસ વીતી જાય અને પછી ભેળસેળ માટે નજીવા દંડ થતા કૌભાંડીઓનો છુટકારો થાય છે.હાલ મસાલાની સિઝન ચાલી રહી છે. ચારેકોર મસાલા માર્કેટના મંડપ નાખી દેવાયા છે અનેક લેભાગુઓ પણ હલકી ગુણવત્તાનો માલ મૂકી કમાણી કરી રહ્યા છે. ફૂડ શાખાએ અલગ અલગ મસાલા માર્કેટ તેમજ હોલસેલર અને ઉત્પાદકોને ત્યાં પહોંચીને ૨૬ નમૂના લીધા છે. જોકે આ નમૂનાનો રિપોર્ટ આવે ત્યાં સુધીમાં ટ્રકના ટ્રક મસાલા વેચાઈ જશે અને ચોમાસું પણ આવી જશે. હાનિકારક અને પ્રતિબંધિત રંગના મરચાં મસાલા અનેક લોકોના પેટમાં નુકસાન પહોંચાડી ચૂક્યા હશે.

# રાજકોટ મનપાને ટેક્સ પેટે મળેલા રૂ. ૩.૫૦ કરોડના ૬૭૫ જેટલા ચેક રિટર્ન!

રાજકોટ:રાજકોટ મહાનગરપાલિકાને ચાલુ વર્ષમાં મિલ્કત વેરાની નોંધપાત્ર આવક થઇ છે. વ્યવસાય વેરા અને વાહન વેરાના ટાર્ગેટ પૂર્ણ થયા છે. તો શો દીઠ થિયેટરો પાસેથી ટિકિટ મુજબ લેવામાં આવતો થિયેટર ટેક્સની આવકનો ટાર્ગેટ રૂ. ૧૦ કરોડ સામે રૂ.૯.૨૫ કરોડની આવક થઈ છે. જોકે આ વર્ષમાં મિલ્કત વેરા શાખામાં ૬૭૫ જેટલા આસામીના ચેક ભંડોળના અભાવે બેંકમાંથી પરત ફર્યા હતા. તેનો આંકડો ૩.૫૦ કરોડ જેટલો થાય છે. જોકે મનપાએ કોર્ટ કેસ કરવાને બદલે વસુલાત માટે આગ્રહ કરતા અર્ધાથી વધુ આસામીનો વેરો બીજા ચેક અથવા રોકડના રૂપમાં જમા થઇ ગયો હતો. અનેક કેસમાં ચેક લખવામાં ભુલ સહિતના કારણો પણ જવાબદાર હતા. જોકે આગામી વર્ષમાં ચેક રીટર્ન કરાવનાર આસામીઓ સામે કડક કાર્યવાહી કરાશે.

# ગટરની સમસ્યા મુદ્દે ધોરાજીમાં બેનર લાગ્યા ‘અમારા વિસ્તારમાં મત માગવા આવશો નહીં’

ધોરાજી: ધોરાજીના માતાવાડીમાં ઊભરાતી ગટરની સમસ્યા મુદે રહીશો આકરા પાણીએ આવી ગયા છે. આ અંગેની અનેકાનેક રજૂઆતો કચરા ટોપલીમાં ફેંકી દેવાતાં લોકોની ધીરજ ખૂટી છે અને ચૂંટણી સમયે દેખા દેતાં નેતાલોગને સબક શીખવવા અને જવાબદારીનું ભાન કરાવવા હવે અહીં મત માગવા આવશો નહીં તેવા બેનર લગાડીને આક્રોશ ઠાલવાયો છે. આ મામલે સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે માતાવાડી વિસ્તારમાં ઊભરાતી ગટરની સમસ્યા માથાના દુખાવા સમાન બની ગઈ છે. તંત્ર વાહકોને કેટલીયે રજૂઆત કરવા છતાં નક્કર કામગીરી કરાઇ નથી.

# ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ એલએચબી રેક સાથે દોડશે

રાજકોટ: મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ આપવા માટે, રેલવેએ ઓખા-એર્નાકુલમ અને એર્નાકુલમ-ઓખા એક્સપ્રેસ ટ્રેનોના પરંપરાગત રેકને નવા રૂપાંતરિત એલએચબી રેક સાથે બદલવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૧૬૩૩૭/૧૬૩૩૮ ઓખા-એરાનાકુલમ એક્સપ્રેસ ટ્રેન (દ્વિ-સાપ્તાહિક) ઓખાથી ૦૮.૦૪. ૨૦૨૪ થી અને એર્નાકુલમ થી ૦૫.૦૪.૨૦૨૪ થી એલએચબી રેક સાથે દોડશે. આ ટ્રેનમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૨ સેકન્ડ એસી, ૩ થર્ડ એસી, ૧૨ સેકન્ડ સ્લીપર, ૧ પેન્ટ્રી કાર, ૨ જનરલ, ૧ લગેજ વાન અને ૧ જનરેટર વાન કોચનો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# પોર્ટલેન્ડ ડેવલોપમેન્ટમાં ગુજરાત પાયોનીયર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી પ્રયાસોથી દેશમાં પોર્ટ્સથી પ્રોસ્પેરીટીનો નવો ઇતિહાસ રચાયો છે ગુજરાત પણ તેમાં "પ્રોટ્‌સ ફોર પ્રોસ્પેરીટી અને પોટ્‌સ ફોર પ્રોગ્રેસ''નાં વિઝનથી આગળ વધીને યોગદાન આપવા પ્રતિબદ્ધ છે. તેમજ બે દાયકામાં ગુજરાત પોર્ટલેડ ડેવલપમેન્ટનું પાયોનિયર બન્યું છે અને પોર્ટ-લેડ સિટી ડેવલપમેન્ટના રોલ મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે.

ગુજરાત દેશમાં સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારો ધરાવે છે. વડાપ્રધાને ગુજરાતની આ સ્ટ્રેટેજિક કોસ્ટ લાઈનને દેશની સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બનાવવાની નેમ સાકાર કરી છે. પોટ્‌ર્સની કેપેસિટી વધારવાની દિશામાં પોર્ટ સિટી અને ગ્રીન ફિલ્ડ પોટ્‌ર્સ વિકસાવવાની સાથે રાજ્ય સરકાર હાલનાં પોટ્‌ર્સનું એક્સ્પાન્શન અને અપગ્રેડેશન કરવાની દિશામાં પણ કામ કરી રહી છે

ગુજરાતમાં મેજર- માઇનોર મળીને દેશમાં સૌથી વધુ ૪૯ પોટ્‌ર્સ છે. દેશના લગભગ ૩૯ ટકા જેટલા કાર્ગોનું ગુજરાતના બંદરો પરથી વહન થાય છે. પોટ્‌ર્સ સુધીની સુદ્રઢ રોડ કનેક્ટિવીટી અને માળખાકીય વિકાસના પરિણામે ગુજરાત લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ડિફ્રન્ટ સ્ટેટ્સ- લિડ્ઝઇન્ડેક્સમાં અગ્રેસર છે તેની ભૂમિકા આપી હતી.

ગુજરાત દેશમાં પાંચમું સૌથી વધુ શહેરી ગીચતા ધરાવતું રાજ્ય છે અને શહેરીકરણનાં ક્ષેત્રમાં અનેક બેન્ચમાર્ક પ્રસ્થાપિત કર્યાં છે. પોર્ટ લેડ સિટી ડેવલપમેન્ટ દ્વારા બંદરોની નજીકનાં શહેરોમાં સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રકચરનાં વિકાસથી વાયબ્રન્ટ ઇકોનોમી ધરાવતાં શહેરોનો વિકાસ થાય તે દિશામાં આપણે આયોજનબદ્ધ રીતે આગળ વધી રહ્યા છીએ.વડાપ્રધાને બ્લૂ ઇકોનોમીને પ્રાધાન્ય આપ્યું છે અને અમૃતકાળની આ પહેલી વાયબ્રન્ટ સમિટના આ સેમિનારની ચર્ચાઓ ગુજરાત સહિત દેશની બ્લૂ ઇકોનોમીને વેગ આપવામાં ફળદાયી પુરવાર થશે, તેમજ સમુદ્રી સમૃદ્ધિથી દેશને વૈશ્વિક સમૃદ્ધિ તરફ લઈ જવાનો રોડમેપ તય કરવામાં અગત્યનો ભાગ ભજવશે. બંદર, શિપિંગ અને જળમાર્ગ વિભાગના મંત્રી સર્બાનંદ સોનોવાલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સરાહના કરતાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાનમંત્રી દ્વારા ૨૦૦૩માં શરૂ કરાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે ભારતના વિકાસનું વટવૃક્ષ બન્યું છે. વડાપ્રધાનના વિઝનથી ભારત વિકાસના પંથે અગ્રેસર થઈ રહ્યું છે. ૨૦૪૭માં ભારત ૩૦ ટ્રીલીયન ડોલર ઈકોનોમિના સપનામાં ગુજરાતનો સિંહ ફાળો રહેશે. ગુજરાતે દરેક ક્ષેત્રમાંસમાન્તર વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ભારત સુપર પાવર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતુ.

આઈએનએસ વિક્રમ જહાજ વિશે પ્રકાશ પાડતા સોનોવાલે કહ્યું કે, કંડલા સ્થિત દીનદયાળ પોર્ટના કન્ટેનર ટર્મિનલ વિકાસ માં ૪૫૦૦થી વધુ કરોડના વિકાસ કાર્યો થઈ રહ્યા છે. દિનદયાળ પોર્ટમાં ગ્રીન હાઈડ્રોજન પાર્ક વિકાસના પંથે છે. કંડલા અને તુતીકોરીન પોર્ટનો ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે વિકાસ કરવામાં આવશે. દેશના મેરિટાઈમ સેક્ટરનો સાતત્યપૂણ વિકાસ આણવામાં ખૂબ મદદરૂપ થશે.

નેધરલેન્ડના રાજદૂત એચ.ઈ. સુશ્રી મારીસા ગેરાડ્સ એ નેધરલેન્ડ અને ભારત-ગુજરાતને નેચરલ પાટનર્સ ગણાવ્યું હતું. નેમણે નેધરલેન્ડ અને ગુજરાત પાસે વિશાળ દરિયા કિનારો છે.

# દેશના એવા સાંસદ જેમને બે વખત મોતની સજા સંભળાવાઇ હતી!

## જાપાનીઓનો આદેશ માનવાની ના પાડી અને જાપાની સેનાએ તેમને જેલ ભેગા કરી દીધા હતા

કરંટ ટોપિક

પહેલા તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલથી શરૂ થશે. ત્યારે તમામ રાજકીય પક્ષો ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા છે. દેશની પહેલી લોકસભા ચૂંટણી સાથે જોડાયેલો એક રસપ્રદ કિસ્સો બીજા વિશ્વ યુદ્ધમાં ભાગ લેનાર જોન રિચર્ડસનનો છે. તેમને બે વખત ફાંસીની સજા સંભળાવાઈ હતી. છતાં તેમણે સ્વતંત્ર આંદામાનના પહેલા સાંસદ તરીકે ચૂંટાયા હતા.

કાર નિકોબારી પરિવારમાં જન્મેલા જોન રિચર્ડસનનું સાચું નામ 'હા ચેવ કા' હતું. બર્મામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી, જોન રિચર્ડસન રંગૂનમાં પહેલા એંગ્લિકન પાદરી બન્યા. પરંતુ થોડા સમય પછી તે નિકોબાર પાછા ફર્યા અને ૧૯૧૨માં શિક્ષક તરીકે ભણાવવાનું શરૂ કર્યું. જોન રિચર્ડસનના લગ્ન ૧૯૧૩માં થયા હતા. ૧૯૨૦માં તેમને બંદરોના સંરક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૧૯૨૫થી ૧૯૪૫ સુધી જોન રિચર્ડસન નિકોબાર ટાપુ પર જ એક અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

જોન રિચર્ડસનના જીવનનો સાચો સંઘર્ષ બીજા વિશ્વ યુદ્ધમાં શરૂ થયો હતો, જ્યારે જાપાની સેનાએ નિકોબાર ટાપુ પર કબજો કર્યો. પહેલા જાપાનીઓએ જોન રિચર્ડસને નિકોબારનો વડા બનાવ્યો હતા, પરંતુ થોડા સમય પછી જોન રિચર્ડસને જાપાનીઓનો આદેશ માનવાની ના પાડી અને જાપાની સેનાએ તેમને જેલ ભેગા કરી દીધા હતા. આટલું જ નહીં, જાપાની સૈનિકોએ જોન રિચર્ડસનના બંને પુત્રોની હત્યા કરી નાખી હતી અને જોન રિચર્ડસને એક નહીં પરંતુ બે વાર ફાંસીની સજા સંભળાવી હતી.

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાનની સરકારે જોન રિચર્ડસને બે વાર મૃત્યુદંડની સજા ફટકારી હતી, પરંતુ તેમને ફાંસી આપવામાં આવી ન હતી. જ્યારે પહેલીવાર ફાંસીનો આદેશ આપવામાં આવ્યો હતો, ત્યારે નિકોબેરવાસીઓએ વિદ્રોહની ચીમકી ઉચ્ચારી હતી. આવી સ્થિતિમાં બળવાના ડરથી જોન રિચર્ડસનની ફાંસી મોકૂફ રાખવામાં આવી હતી. જ્યારે જોન રિચર્ડસને ફરીથી મૃત્યુદંડની સજા મળી, ત્યારે તેને ફાંસી આપવામાં આવે તે પહેલાં વિશ્વ યુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું.

વિશ્વ યુદ્ધ સમાપ્ત થયા બાદ એક તરફ જાપાની સેના આંદામાનમાંથી પીછેહઠ કરવા લાગી તો બીજી તરફ અંગ્રેજોએ પણ ભારત છોડવાનો નિર્ણય લીધો. હવે દેશ આઝાદ હતો. વર્ષ ૧૯૫૦માં બંધારણના અમલ પછી દેશમાં પહેલી લોકસભાની ચૂંટણીઓ શરૂ થઈ અને



રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે જોન રિચર્ડસને આંદામાન અને નિકોબાર ટાપુના સાંસદ તરીકે નિયુક્ત કર્યા હતા. આ રીતે જોન રિચર્ડસન દેશની પહેલી લોકસભાનો ભાગ બનનાર એકમાત્ર એંગ્લિકન બિશપ હતા.

૧૫મી જાન્યુઆરી ૧૯૫૦માં જોન રિચર્ડસન આંદામાન અને નિકોબાર ટાપુઓના બિશપ બન્યા. તે વર્ષ ૧૯૭૭ સુધી બિશપના પદ પર રહ્યા. જોન રિચર્ડસને બાઈબલનું નિકોબારી ભાષામાં ભાષાંતર કર્યું, જે વર્ષ ૧૯૭૦માં પ્રકાશિત થયું હતું. વર્ષ ૧૯૭૫માં ભારત સરકારે જોન રિચર્ડસને દેશના સર્વોચ્ચ સન્માનમાંના એક પદ્મ વિભૂષણથી નવાજ્યા હતી. ત્રીજી જૂન ૧૯૭૮માં જોન રિચર્ડસને દુનિયાને હંમેશ માટે અલવિદા કહ્યું હતું.

વર્ષ ૧૯૬૭માં આંદામાન અને નિકોબાર ટાપુમાં પહેલીવાર લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. આ લોકસભા બેઠક પર શરૂઆતથી જ કોંગ્રેસનો દબદબો રહ્યો છે. રાજકીય આંકડાઓ પર નજર કરીએ તો ૧૯૬૭થી ૧૯૯૯ સુધી કોંગ્રેસનું અહીં સતત શાસન રહ્યું છે. કોંગ્રેસના મનરંજન ભક્ત લાંબા સમયથી અહીંથી સાંસદ છે. મનોરંજન ભક્ત કોંગ્રેસની ટિકિટ પર લોકસભાની ચૂંટણીમાં આઠ વખત આ બેઠક જીતી ચૂક્યા છે. આંદામાન અને નિકોબાર ટાપુઓમાં અત્યાર સુધીમાં ૧૪ લોકસભા ચૂંટણી થઈ છે, જેમાંથી કોંગ્રેસ ૧૧ વખત જીતી છે. વર્ષ ૧૯૬૭ પહેલા અહીં સાંસદ ચૂંટાતા ન હતા. આ લોકસભા બેઠક પરના સાંસદની નિમણૂક સીધી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.

### આંદામાન અને નિકોબાર ટાપુનો ઈતિહાસ

આંદામાન અને નિકોબાર ટાપુઓ ભારતના દક્ષિણ-પૂર્વ કિનારે સ્થિત છે. અહીંનો ઈતિહાસ ઘણો જૂનો છે અને તે વિવિધ રાજકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક ઘટનાઓનો સંગમ છે. અહીંની આદિવાસી જાતિઓ, જેમ કે ઓંગે અને જારાવાની પ્રદેશના ઈતિહાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અહીંની રાજધાની પોર્ટ બ્લેયર છે. આંદામાન અને નિકોબાર કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી એક, હિંદ મહાસાગરમાં સ્થિત છે. આ દ્વીપસમૂહની પશ્ચિમમાં બંગાળની ખાડી છે જ્યારે પૂર્વમાં આંદામાન સમુદ્ર આવેલો છે.

# દુનિયાની સૌથી મોટી ૧૦ જેલોની યાદીમાં પાંચમા નંબરે છે ભારતની તિહાર જેલ

## તિહાર જેલ કેમ્પસ ૪૦૦ એકરમાં છે અને કુલ કેદીઓની સંખ્યા ૧૯,૫૦૦ છે

મોટાભાગના દેશોમાં જેલને સુધારક તરીકે જોવામાં આવે છે જ્યારે ઘણા દેશોની જેલો ગેંગ વોર માટે પણ કુખ્યાત રહી છે. દુનિયાની ૧૦ સૌથી મોટી જેલોની વાત કરીએ તો ફાઈનાન્સ યાહૂના રિપોર્ટ અનુસાર ફિલિપાઈન્સની ન્યૂ બિલીબિડ જેલ પહેલા નંબર પર છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૨૮,૫૦૦ છે. આ જેલ ૧૯૪૦માં ફિલિપાઈન્સના મુંટિનલુપામાં બનાવવામાં આવી હતી. વિશ્વની બીજી સૌથી મોટી જેલ તુર્કીની સિલિવરી જેલ છે. અહી કુલ કેદીઓની સંખ્યા ૨૨,૦૦૦ છે. અદ્યતન જેલની રચનાઓ સાથે, સિલિવરી જેલની ગણતરી યુરોપની શ્રેષ્ઠ જેલોમાં થાય છે.

વિશ્વની ત્રીજી સૌથી મોટી જેલ ક્લોંગ પ્રેમ સેન્ટ્રલ જેલ છે. આમાં કેદીઓની સંખ્યા લગભગ ૨૦,૦૦૦ છે. ક્લોંગ પ્રેમ સેન્ટ્રલ જેલ ૧૯૪૪માં ખોલવામાં આવી હતી અને તે થાઈલેન્ડની સૌથી મોટી જેલ છે. આ જેલમાં બંધ કેદીઓમાંથી લગભગ ૩૦ ટકા વિદેશી છે. વિશ્વની ચોથી સૌથી મોટી જેલ લોસ એન્જલસ કાઉન્ટી જેલ છે, જે ૧૮૫૦ માં બનાવવામાં આવી હતી. આ વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી જેલોમાંથી એક છે. લોસ એન્જલસ કાઉન્ટી જેલમાં કુલ કેદીઓની સંખ્યા ૧૯,૮૩૬ છે.

ભારતની તિહાર જેલ પાંચમા નંબર પર છે. તિહારમાં કુલ કેદીઓની સંખ્યા ૧૯,૫૦૦ છે. તિહાર જેલ કેમ્પસ ૪૦૦ એકરમાં છે અને રાજધાની દિલ્હીમાં છે તેને દક્ષિણ એશિયાની સૌથી મોટી જેલ માનવામાં આવે છે. આ પછી આવે છે રિકર્સ આઈલેન્ડ જેલ, જે ૧૯૩૨માં બનાવવામાં આવી હતી. આ જેલ ન્યુયોર્ક શહેરની નજીક આવેલી છે. આ સંકુલમાં દસ જેલ આવેલી છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૧૩,૮૪૯ છે.

વિશ્વની સાતમી સૌથી મોટી જેલ હેરિસ કાઉન્ટી જેલ છે. આમાં કુલ કેદીઓની સંખ્યા ૧૦,૦૪૪ છે. હેરિસ કાઉન્ટી જેલ ટેક્સાસમાં ૧૯૨૦ ના દાયકાના અંતમાં ખોલવામાં આવી હતી. તે ટેક્સાસની સૌથી મોટી જેલ છે અને યુનાઈટેડ સ્ટેટ્સની સૌથી મોટી જેલોમાંની એક છે. આઠમી સૌથી મોટી જેલ મેરીકોપા કાઉન્ટી જેલ છે. તે ૧૮૭૧ માં ફોનિક્સ, એરિઝોનામાં બનાવવામાં આવ્યું હતું.

કુરેન-ફ્રોમહોલ્ડ એ ફિલાડેલ્ફિયા, પેન્સિલવેનિયામાં આવેલી કાઉન્ટી જેલ છે. તેનું નામ વોર્ડન પેટ્રિક એન. કુરાન અને ડેપ્યુટી વોર્ડન રોબર્ટ ફ્રોમહોલ્ડ. ૩૧ મે ૧૯૭૩ ના રોજ હોમ્સબર્ગ જેલમાં સક્રિય ફરજના કલાકો દરમિયાન તેની હત્યા કરવામાં આવી હતી. કુરેન-ફ્રોમહોલ્ડ ૮,૮૧૧ કેદીઓની સંખ્યા સાથે નવમી સૌથી મોટી જેલ છે. મેટ્રો વેસ્ટ ડિટેન્શન સેન્ટર વિશ્વની દસમી સૌથી મોટી જેલ છે. મેટ્રો વેસ્ટ ડિટેન્શન સેન્ટર મિયામી, ફ્લોરિડામાં સ્થિત એક જેલ છે. તેમાં લગભગ ૭૦૦૦ કેદીઓને રાખી શકાય છે.

# ઓટિઝમ શું છે, તે કયા લક્ષણો દ્વારા ઓળખી શકાય?

## ઓટિઝમ ધરાવતા બાળકોને સામાજિક પ્રવૃત્તિઓ અને વાતચીતમાં સમસ્યા હોઈ શકે છે

વિશેષ

ઓટિઝમએક ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જે બાળકોના મગજમાં થતા ફેરફારોને કારણે થાય છે. લોકોને ઓટિઝમ વિશે જાગૃત કરવા અને તેનાથી પીડિત લોકોને સશક્ત અને સક્ષમ બનાવવા માટે વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. આ દિવસે લોકોને આ ડિસઓર્ડર સંબંધિત તમામ મહત્ત્વપૂર્ણ માહિતી વિશે જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. ઓટિઝમ પીડિત બાળકોનું વર્તન, વાતચીત અને શીખવાની શૈલી અન્ય બાળકો કરતા અલગ છે. તેનો ઈલાજ થઈ શકતો નથી, તેથી આ વિકાર આજીવન રહે છે.


ઓટિઝમ ધરાવતા બાળકોને સામાજિક પ્રવૃત્તિઓ અને વાતચીતમાં સમસ્યા હોઈ શકે છે. સામાન્ય રીતે આ ડિસઓર્ડર બાળપણમાં જ ૨-૩ વર્ષની ઉંમરે મળી આવે છે, પરંતુ કેટલીકવાર તેને શોધવામાં સમય લાગી શકે છે. કારણ કે ડોકટરો તેને શોધવા માટે વર્તણૂકીય પરીક્ષણોની મદદ લે છે. શોધવાનો બીજો કોઈ રસ્તો નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, વિશ્વભરમાં દર ૧૦૦માંથી ૧ બાળક ઓટિઝમ ધરાવે છે.

ઓટિઝમથી પીડિત બાળકોને લોકો સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડી શકે છે. તેમને સામેની વ્યક્તિની બોડી લેંગ્વેજ સમજવામાં મુશ્કેલી પડી શકે છે, જેના કારણે તેઓ સામેની વ્યક્તિ શું કહી રહી છે તે સમજવામાં મુશ્કેલી અનુભવે છે. આ ઉપરાંત, ભાષા કૌશલ્યનો વિલંબિત વિકાસ, લોકો સાથે સંબંધ બાંધવામાં અસમર્થતા, એક જ ક્રિયાને વારંવાર પુનરાવર્તિત કરવી, પરિવર્તન ન ગમવું જેવા ઘણા લક્ષણો ઓટિઝમથી પીડિત બાળકોમાં જોવા મળે છે.

ઓટિઝમનું કોઈ ચોક્કસ કારણ મળ્યું નથી, પરંતુ તેના કારણોમાં આનુવંશિકતા અને પર્યાવરણ સામેલ હોઈ શકે છે. એક જ ક્રિયાને વારંવાર પુનરાવર્તિત કરવી, જેમ કે બેસતી વખતે વારંવાર હલવું, હાથ હલાવો, એક જ શબ્દનું વારંવાર પુનરાવર્તન કરવું. સંવેદના અંગો વધુ સંવેદનશીલ બને છે, જેમ કે મોટા અવાજોથી ખલેલ પહોંચવી અથવા ચીડાઈ જવું. લોકો સાથે વાત કરતી વખતે તેમની તરફ ન જોવું અથવા આંખનો સંપર્ક ન કરવો. શારીરિક સ્પર્શ પસંદ ન આવવો. રોબોટિક અથવા સપાટ અવાજમાં બોલવું. અમુક વસ્તુઓમાં જ રસ હોવો. લોકો શું કહે છે તે સમજવામાં સક્ષમ ન હોવું અથવા તેમના હાવભાવ સમજવામાં મુશ્કેલી આવવી.

# ગુજરાતમાં જામ્યો ચૂંટણીનો જંગ

## લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના ઉમેદવારોની જાહેરાત બાદથી ગુજરાત ભાજપ એક અથવા બીજી રીતે મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે સ્થાનિક સ્તરે કાર્યકરોમાં વિરોધને પગલે પક્ષના સિનિયર નેતાઓ ડેમેજ કંટ્રોલ થકી વિરોધ અને ગુસ્સો શાંત પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે



વિશ્વની સૌથી મોટી લોકશાહી ની ચૂંટણી ની પ્રક્રિયા ચાલી રહી છે લોકશાહીનો આ સૌથી મોટો ઉત્સવ છે આ ઉત્સવમાં બધા રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારો ની યાદી ધડાધડા બહાર પાડવામાં આવી રહી છે ગત સપ્તાહે ભાજપના ઉમેદવારોની જે યાદી બહાર પાડવામાં આવી તેનાથી કહી ખુશી કહી ગમ જેવું વાતાવરણ સર્જાયું છે કોઈ જગ્યાએ વિરોધનો સૌર ઉઠ્યો છે તો કોઈ જગ્યાએ ખુશીની લહેર વ્યાપી છે

ભારતીય જનતા પાર્ટીએ પોરબંદર લોકસભાની સીટ પરથી કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. જ્યારે કોંગ્રેસે તેમની વિરુદ્ધ ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાને ઉમેદવાર બનાવ્યા છે.

જોકે, પોરબંદર લોકસભા બેઠક હેઠળ આવતા ધોરાજી અને ઉપલેટામાં મનસુખ માંડવિયા વિરુદ્ધ બેનર લાગ્યાં હતાં. સ્થાનિક ઉમેદવારને મત આપવાની માંગ સાથે લાગેલાં આ પોસ્ટરોએ આ બેઠક પર રાજકીય પારો ઊંચે ચડાવી દીધો છે.

સ્થાનિક મીડિયા સાથેની વાતચીત દરમિયાન ધોરાજી ભાજપના શહેર પ્રમુખ રાજૂભાઈ બાલધાએ કહ્યું "કોંગ્રેસના ઉમેદવાર હારી જવાના ભયથી પોસ્ટર લગાવી રહ્યા છે. હારના ભયથી કોંગ્રેસ આવા સ્ટન્ટ કરી રહી છે. લોકો ભાજપને ઇચ્છે છે અને કોંગ્રેસ હારી જવાની છે."

લોકસભા ચૂંટણી માટેની પહેલી યાદીમાં ગુજરાતથી પણ ભાજપે ૧૫ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. તેમાં પાંચ સાંસદોની ટિકિટ કપાઈ છે.

આ યાદીમાં જ મનસુખ માંડવિયાને પોરબંદરથી ટિકિટ આપવામાં આવી હતી. જોકે, જ્યારથી તેઓ ઉમેદવાર તરીકે જાહેર થયા ત્યારથી જ તેઓ આયાતી ઉમેદવાર છે તેવી ચર્ચાઓએ વેગ પકડ્યો હતો.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

પોરબંદરથી હાલના સાંસદ રમેશ ધડુકના સ્થાને તેમને ટિકિટ અપાઈ છે.

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં વ્યાપકપણે એ ચર્ચા થઈ રહી હતી કે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પરશોત્તમ રૂપાલાને પણ ભાજપ ગુજરાતથી ચૂંટણી લડાવશે.

એમાં પણ સૌથી વધુ ચર્ચા એ વાતની થઈ રહી હતી કે મનસુખ માંડવિયાને ભાજપ ભાવનગર કે અમરેલી બેઠક પરથી ટિકિટ આપશે. ભાજપે તેમને પોરબંદર બેઠક પરથી ટિકિટ આપીને સૌને ચોંકાવ્યા છે. ભાજપે કેમ મનસુખ માંડવિયાને પોરબંદરથી ઉતાર્યા?

છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાઓમાં મનસુખ માંડવિયાને ભાવનગરથી ટિકિટ આપવામાં આવશે તેવી ચર્ચા હતી.

પરંતુ તેમને અંતે પોરબંદરથી ટિકિટ આપવામાં આવી છે અને રમેશ ધડુકની ટિકિટ કપાઈ ગઈ છે. "પોરબંદર બેઠક પરંપરાગત રીતે લેઉવા પટેલ સમુદાયના પ્રભુત્ત્વવાળી બેઠક ગણાય છે. એ સિવાય આ બેઠક માટે છેલ્લા ઘણા સમયથી અર્જુન મોઢવાડિયા ફેક્ટરની પણ ચર્ચા હતી. વળી, વચ્ચે તો તેમના ભાજપમાં જોડાવાની પણ ચર્ચા હતી." "પરંતુ ચોક્કસપણે મનસુખ માંડવિયાને પોરબંદરથી ટિકિટ આપવામાં આવી તે ચોંકાવનારો નિર્ણય છે. વળી, કેન્દ્રીય મંત્રીને આ બેઠક પરથી ટિકિટ આપવામાં આવી તેના કારણે ભાજપના કાર્યકર્તાઓને પણ દિલોજાનથી કામ કરવું પડે. એટલે જે થોડી ઘણી ચિંતા ભાજપને હોય તેને પણ તેણે નાબૂદ કરવાનો પ્રયાસ કર્યો છે."

મનસુખ માંડવિયાને ભાવનગરથી ટિકિટ ન આપવાના નિર્ણયને એટલા માટે કરવામાં આવ્યો કે "ત્યાંથી ઇન્ડિયા ગઠબંધનના ઉમેદવાર તરીકે આમ આદમી પાર્ટીએ કોળી સમુદાયના ઉમેશ મકવાણાને ટિકિટ આપી છે. ભાવનગરમાં કોળી મતદારોનું કાયમ પ્રભુત્ત્વ રહ્યું છે. એટલે એવું બની શકે કે ભાજપે ત્યાંથી મનસુખ માંડવિયાને ટિકિટ આપવાનું ટાળ્યું હોય."

પોરબંદરની લોકસભા બેઠક હેઠળ ગોંડલ, જેતપુર, ધોરાજી (રાજકોટ જિલ્લો), પોરબંદર અને કુતિયાણા (પોરબંદર જિલ્લો) અને માણાવદર તથા કેશોદ (જૂનાગઢ જિલ્લો) એમ ત્રણ જિલ્લાની સાત વિધાનસભા બેઠક આવે છે. કોંગ્રેસે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન જે ૧૭ બેઠકો જીતી હતી, તેમાંથી બે બેઠકો પોરબંદર અને માણાવદર આ લોકસભાની બેઠક હેઠળ આવે છે.

વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના પૂર્વ અધ્યક્ષ અર્જુન મોઢવાડિયાએ પોરબંદર બેઠક પરથી પૂર્વ મંત્રી બાબુભાઈ બોખીરિયાને આઠ હજાર ૧૦૦ કરતાં વધુ મતથી પરાજય આપ્યો હતો.

૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં પોરબંદર બેઠક પર છેલ્લી વાર કોંગ્રેસની જીત થઈ હતી અને વિઠ્ઠલભાઈ રાદડિયા ચૂંટાયા હતા. ત્યાર બાદ તેઓ ભાજપમાં ભળી ગયા અને ૨૦૧૩ તથા ૨૦૧૪માં ફરીથી એક વાર લોકસભા ચૂંટણીમાં તેઓ જીત્યા હતા.

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સમયે કોંગ્રેસે લલિત વસોયાને તો ભાજપે રમેશ ધડુકને ટિકિટ આપી હતી. પાટીદાર અનામત આંદોલન સમિતિના નેતા લલિતભાઈ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ધોરાજીની બેઠક પરથી વિજેતા થયા હતા. તેમણે વિઠ્ઠલભાઈના ગઢમાં ગાબડું પાડ્યું હતું

વર્ષ ૧૯૯૭માં શંકરસિંહ વાઘેલાએ તેમનું પદ છોડ્યું તેના લગભગ ૨૫ દિવસ પહેલાં ગાંધી જયંતીના રોજ જૂનાગઢમાંથી અલગ જિલ્લા તરીકે પોરબંદરની જાહેરાત કરી, જેના હેઠળ પોરબંદર અને કુતિયાણા એમ બે વિધાનસભા બેઠક મૂકવામાં આવી.

સૌપ્રથમ ચૂંટણી સમયે હાલની પોરબંદર બેઠક હેઠળ આવતા વિસ્તારોનું પ્રતિનિધિત્વ સોરઠ અને હાલાર બેઠક દ્વારા થતું. એ અરસામાં આ ભૂભાગ સૌરાષ્ટ્ર રાજ્ય હેઠળ આવતો. સૌરાષ્ટ્ર રાજ્યને લોકસભાની છ બેઠક મળેલી હતી.

ગુજરાત રાજ્યના ગઠન બાદ જૂનાગઢ અને જામનગર લોકસભા બેઠકોએ અનુક્રમે સોરઠ અને હાલાર બેઠકોની સ્થાનપૂર્તિ કરી. રાજ્યને ૨૨ બેઠક મળી હતી, જે ૧૯૭૧ની ચૂંટણી સમયે વધીને ૨૪ થઈ.

જિલ્લા તરીકેની સ્થાપનાના બે દાયકા પહેલાં વર્ષ ૧૯૭૭ની લોકસભા ચૂંટણી સમયે પોરબંદર બેઠક સ્વતંત્ર રીતે અસ્તિત્વમાં આવી. આ સાથે જ ગુજરાતની બેઠકસંખ્યા વધીને ૨૬ થઈ હતી, જેમાં અનુસૂચિત જાતિને બે તથા અનુસૂચિત જનજાતિને માટે ચાર બેઠક અનામત રાખવામાં આવી હતી.

૧૯૯૧માં ભાજપ પહેલીવાર પોરબંદર લોકસભાની બેઠક જીત્યું હતું અને હરિલાલ પટેલ સાંસદ તરીકે ચૂંટાયા હતા.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે હજુ સુધી ઇન્ડિયા ગઠબંધન હેઠળ તેના ફાળે ગુજરાતમાં આવેલી ૨૪ બેઠકો પૈકી એક પણ ઉમેદવાર જાહેર કર્યા નથી, એટલે પોરબંદરથી તેના ઉમેદવાર કોણ હશે તે જાહેર થયું નથી.

# વિસ્તારાની વધુ ૩૮ ફ્લાઈટ્સ કરાઈ કેન્સલ : કેન્દ્ર સરકારે જવાબ માંગ્યો

**એરલાઈન પાઈલોટ ઉપલબ્ધ ન હોવાનું કારણ આપી રહી છે**




મુંબઈ,
મુંબઈ,ભારતના ટાટા ગ્રૂપ અને સિંગાપોર એરલાઈન્સની સહ-માલિકીની વિસ્તારા એરલાઇન છેલ્લા કેટલાક દિવસોથી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, એરલાઈનની સંખ્યાબંધ ફ્લાઈટ ડીલે અથવા કેન્સલ થઇ રહી છે. અહેવાલો મુજબ મંગળવારે દેશના મહત્વના શહેરોમાંથી ઉપડતી ૩૮ વિસ્તારા ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, મુંબઈથી ૧૫ ફ્લાઈટ્સ, દિલ્હીથી ૧૨ અને બેંગલુરુથી ૧૧ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એરલાઇન પાઈલોટ ઉપલબ્ધ ન હોવાનું કારણ આપી રહી છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ફ્લાઇટ કેન્સલેશન અને વિલંબ અંગે વિસ્તારા પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે. ગઈકાલે વિસ્તારાની ૫૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને લગભગ ૧૬૦ ફ્લાઈટ્સ ડીલે થઇ હતી, જેને કારણે હજારો મુસાફરો રઝળી પડ્યા હતા. મુસાફરોએ ગઈકાલે એરપોર્ટ પર કલાકો સુધી રાહ જોતા બેસી રહ્યા હતા, અને મુસાફરો એરલાઇનના વર્તનને વખોડી રહ્યા છે. ફ્લાઈટ્સ કેન્સલ અથવા કલાકો સુધી ડીલે થતા મુસાફરોએ સોશિયલ મીડિયા રોષ ઠાલવી રહ્યા છે. વિસ્તારાએ ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ક્રુની અનુપલબ્ધતા સહિત અન્ય વિવિધ કારણોસર છેલ્લા કેટલાક દિવસોમાં નોંધપાત્ર સંખ્યામાં ફ્લાઇટ રદ થવાની અને વિલંબ થવાની સમસ્યા ઉભી થઇ છે.

# 'ટુથબ્રશ' માઉથ કેન્સરની ઓળખ કરશે!

**AI સેન્સરયુક્ત 'ટુથબ્રશ' મોંમાં ફોડલી, દાણા, રંગ અને ફ્રિકવન્સીથી કેન્સરનું નિદાન કરે છે**

મુંબઈ,
આઈઆઈટી કાનપુર ટુથબ્રશ આકારનું એક એવું ડિવાઈસ વિકસીત કર્યું છે જે કેટલાક સેકન્ડમાં માઉથ કેન્સરની તપાસ કરશે. આથી માઉથ કેન્સરના પ્રારંભીક ગાળાને જાણી શકાશે. આ ડિવાઈસ ટુંક સમયમાં ઈલાજ માટે બજારમાં ઉપલબ્ધ થશે. આઈઆઈટીએ એના કોમર્શિયલ ઉપયોગ માટે ખાનગી કંપનીઓને લાયસન્સ આપવાનો નિર્ણય કર્યો છે. સંસ્થાએ આ ડિવાઈસનું નામ 'મુખ પરીક્ષક' રાખ્યું છે. આઈઆઈટી કાનપુરના કેમિકલ એન્જીનીયરીગ વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક પ્રો. જયંતકુમારસિંહ અને તેમની ટીમે આ ડિવાઈસ વિકસીત કર્યું છે. પ્રો. સિંહે જણાવ્યું હતું કે, અત્યારસુધી કેન્સરની ઓળખ માટે ટિસ્યુમાં તપાસ થાય છે તેમાં ઘણો સમય લાગે છે. આ ડિવાઈસમાં તપાસ માટે નહીં લેવા પડે અને તપાસનો રિપોર્ટ પણ કેટલીક સેકન્ડોમાં મળી જશે. તેમણે જણાવ્યું હતું કે, આ ડિવાઈસની ટ્રાયલ કાનપુર સ્થિત જેકે કેન્સર હોસ્પિટલ ઉપરાંત દેશના અન્ય અનેક હોસ્પિટલોમાં સફળ રહી હતી. ટુંક સમયમાં જ ખાનગી કંપનીઓ સાથે સમજુતી કરીને ટેકનીકલ લાયસન્સ આપવામાં આવશે.

આ ડિવાઈસ હેન્ડહેલ્ડ અને પોર્ટેબલ છે. તેમાં સેલ્ફ પાવર બેકઅપ છે સ્માર્ટ ફોન, ટેબલેટ સાથે વાયરલેસ કનેકશન છે. હાનિકારક વિકિરણથી મુક્ત છે, કેમિકલ વિના ઉપયોગ, સ્વાસ્થ્ય ડેટાનો રેકર્ડ સુરક્ષિત છે. આ ડિવાઈસને મોંની ચારેબાજુ ફેરવવું પડશે.

# શૈતાન OTT પર રિલીઝ થશે




મુંબઈ,
એક્શનથી લઈને કોમેડી સુધીની તમામ પ્રકારની ફિલ્મોમાં પોતાની પ્રતિભા દેખાડનારા અજય દેવગનની ફિલ્મ 'શૈતાન'એ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કર્યો છે. અજય અને આર માધવનની આ ફિલ્મ વર્ષ ૨૦૨૩માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેક છે. ફિલ્મની સફળતા બાદ કહેવામાં આવી રહ્યું છે કે આ ક્રાઈમ થ્રિલર સ્ટોરીનો પાર્ટ ૨ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. પરંતુ અજય દેવગનના તે ફેન્સ માટે એક સારા સમાચાર છે જેમણે આ ફિલ્મ પહેલા જોઈ નથી. ટૂંક સમયમાં જ અજયની ફિલ્મ 'શૈતાન' OTT પર સ્ટ્રીમ થવા જઈ રહી છે. સૂત્રોનું માનીએ તો અજય દેવગનની ફિલ્મ 'શૈતાન' ૩ મે, ૨૦૨૪ના રોજ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થવા જઈ રહી છે. આ ફિલ્મની થિયેટરમાં રિલીઝ પહેલા OTT પ્લેટફોર્મ Naflixએ 'શૈતાન'ના OTT રાઈટ્સ ખરીદી લીધા હતા. જો કે જો તમારી પાસે Naflix સબસ્ક્રિપ્શન નથી, તો તમારે આ ફિલ્મ જોવા માટે વધુ રાહ જોવી પડશે. નેટફ્લિક્સ પર રિલીઝ થયાના ૪૫ દિવસ પછી આ ફિલ્મનું ટીવી પ્રીમિયર થઈ શકે છે.

# ચીનની અંચઈ : અરુણાચલમાં ૩૦ સ્થળોના નામ બદલી નાખ્યા



નવીદિલ્હી,
ચીને અરુણાચલ પ્રદેશને લઈને વધુ એક વિવાદાસ્પદ પગલું ભર્યું છે, જેમાં અરુણાચલ પ્રદેશના ૩૦ સ્થળોને પોતાનું હોવાનો દાવો કર્યો છે અને તેનું નામ ચીનમાં આપ્યું છે. ચીન પહેલેથી જ દાવો કરી રહ્યું છે કે અરુણાચલ પ્રદેશ તેનો હિસ્સો છે, જેના પર ભારતના વિદેશ મંત્રાલયે તાજેતરમાં જવાબ આપતા કહ્યું કે અરુણાચલ પ્રદેશ અમારો ભાગ હતો, છે અને હંમેશા રહેશે. ભારત સતત ચીનને જડબાતોડ જવાબ આપી રહ્યું છે, તેમ છતાં ચીન પોતાના પગલાથી પીછેહઠ કરી રહ્યું નથી. તેના બદલે, તે અરુણાચલ પ્રદેશમાં સતત તેની છાપ વિસ્તરી રહી છે. ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે આ સ્થળોના નામ અને ભૌગોલિક સ્થાનો પણ જાહેર કર્યા છે. અરુણાચલ પ્રદેશના જે ૩૦ સ્થળો પર ચીને વાહિયાત દાવા કર્યા છે તેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ છે. અને ત્યાં ખાલી જમીન છે. ચીન અરુણાચલ પ્રદેશને પોતાનો દાવો કરે છે અને તેનું નામ જીજાંગ રાખે છે. પરંતુ હવે સાઉથ ચાઈના રિપોર્ટ અનુસાર, માહિતી સામે આવી છે કે ચીની નાગરિક બાબતોના મંત્રાલયે શનિવારે અરુણાચલ પ્રદેશમાં ૩૦ વધુ સ્થળોના નામ બદલી નાખ્યા છે, જેને તે ઝંગનાન અથવા તિબેટનો ભાગ કહે છે. જેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ પર્વતો, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ અને એક ખાલી જમીન છે. જો કે જે જગ્યાઓના નામ બદલવામાં આવ્યા છે તેના નામ હજુ જાહેર કરવામાં આવ્યા નથી.

# કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે તેના પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ નિયમોમાં ફેરફાર કર્યો

ટોરેન્ટો,
જે વિદ્યાર્થીઓએ બે વર્ષથી ઓછા સમયમાં માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યો છે તેઓ હવે ૩-વર્ષના પીજીડબ્લ્યુપી માટે પાત્ર બનશે, જો કે તેઓ અન્ય તમામ પાત્રતા માપદંડોને પૂર્ણ કરતા હોય. શરૂઆતમાં આ ફેરફાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી લાગુ થવાનો હતો, હવે આ ફેરફાર ૧૫ મે, ૨૦૨૪થી અમલમાં આવશે. આનો અર્થ એ છે કે ૧૫ મે, ૨૦૨૪ થી, કોર્સ લાયસન્સિંગ એગ્રીમેન્ટ પ્રોગ્રામ્સમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ હવે પીજીડબ્લ્યુપી માટે પાત્ર રહેશે નહીં. આ ઉપરાંત પીજીડબ્લ્યુપી વિશેષ પગલાંની માન્યતા ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

પીજીડબ્લ્યુપી શું છે એ તરફ નજર કરવામાં આવે તો, પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ એ એક ઓપન વર્ક પરમિટ છે જે વિદેશી વિદ્યાર્થીઓને કેનેડામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે. જેમની પાસે પીજીડબ્લ્યુપી છે તેઓ કેનેડામાં ગમે ત્યાં કોઈપણ એમ્પ્લોયર માટે ગમે તેટલા કલાક કામ કરવા માટે મુક્ત છે. તમારા પીજીડબ્લ્યુપીની મર્યાદા તમારા અભ્યાસ કાર્યક્રમના સ્તર અને અવધિ તેમજ તમારા પાસપોર્ટની સમાપ્તિ તારીખ, જે પહેલા આવે તેના પર આધાર રાખે છે. જો તમે ડેઝિગ્નેટેડ લર્નિંગ ઈન્સ્ટિટ્યૂશનમાંથી સ્નાતક થયા છો અને કામ કરવા માટે કેનેડામાં અસ્થાયી રૂપે રહેવા માંગતા હો, તો તમે પીજીડબ્લ્યુપી માટે પાત્ર બની શકો છો. ડીએલઆઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને હોસ્ટ કરવા માટે કેનેડામાં પ્રાંતીય અથવા પ્રાદેશિક સરકાર દ્વારા માન્ય શાળા. નિયુક્ત શૈક્ષણિક સંસ્થાઓમાં ઓછામાં ઓછા બે વર્ષના સમયગાળાના કાર્યક્રમોના પીજીડબ્લ્યુપી પાત્ર સ્નાતકો ૩-વર્ષનો પીજીડબ્લ્યુપી કરી શકે છે.

# ફિલ્મ Raid 2ની રિલીઝ ડેટ આવી સામે




મુંબઈ,
આ વર્ષ અજય દેવગન માટે ફિલ્મોથી ભરેલું છે. ૧૦ એપ્રિલે તેની ફિલ્મ 'મેદાન' રિલીઝ થવાની છે, જે બોક્સ ઓફિસ પર અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' સાથે ટકરાશે. પરંતુ આ પહેલા અજય દેવગનની ફિલ્મ રેડના પાર્ટ ૨ની એટલે કે 'રેડ ૨'ની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. એક્ટર યશપાલ શર્માએ ટ્વિટર પર એક પોસ્ટ શેર કરીને આ જાણકારી આપી છે. અજય દેવગન સ્ટારર ફિલ્મ 'રેડ ૨'ની રાહ હવે પૂરી થવા જઈ રહી છે. શેર કરેલા પોસ્ટરમાં રેડ ૨ ની રિલીઝ તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૪ દર્શાવવામાં આવી છે. પરંતુ મેકર્સ દ્વારા ફિલ્મની રિલીઝ ડેટ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી નથી. હવે ફિલ્મનો બીજો ભાગ પહેલા પાર્ટના ૬ વર્ષ પછી આવશે. રિપોર્ટ્સ મુજબ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરીમાં જ શરૂ કરવામાં આવ્યું હતું. આ વખતે પણ રિતેશ દેશમુખ ફિલ્મમાં વિલનની ભૂમિકામાં છે. તે અજય દેવગન સાથે ટક્કર કરતો જોવા મળશે. અજયની સાથે ફિલ્મ 'રેડ ૨'માં વાણી કપૂર, સાઉથ સ્ટાર રવિ તેજા અને રજત કપૂર જેવા સ્ટાર્સ પણ જોવા મળશે. વર્ષ ૨૦૧૮માં રિલીઝ થયેલી તેની પહેલી ફિલ્મ 'રેડ'માં ઈલિયાના ડીક્રુઝ લીડ એક્ટ્રેસ તરીકે જોવા મળી હતી. પરંતુ આ વખતે અજયની સામે વાણી કપૂર હશે. આ વખતે પણ અજય ઈક્રમટેક્સ ઓફિસર અમય પટનાયકની ભૂમિકા ભજવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે અજય દેવગનની ફિલ્મ 'મેદાન'ની સાથે ફિલ્મ 'ઓરોં મેં કહાં દમ થા' પણ એપ્રિલમાં જ રિલીઝ થશે. તેની ફિલ્મ ૨૬ એપ્રિલે થિયેટરોમાં આવશે.




# પૂર્વ કેપ્ટન ધોનીની ઓવરઓલ ટીર૦ ક્રિકેટમાં 300 વિકેટ લેનાર દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયો

મુંબઈ,
ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ સીઝનમાં મહેન્દ્ર સિંહ ધોનીએ એક ઐતિહાસિક રેકોર્ડ કાયમ કર્યો છે. તેમણે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમતા દિલ્હી કેપિટલ્સના સામે મેચમાં આ સફળતા મેળવી છે. સીએસકે ટીમના પૂર્વ કેપ્ટન ધોની ઓવરઓલ ટીર૦ ક્રિકેટમાં ૩૦૦ વિકેટ લેનાર દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયા છે.

પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ રવિવારે ક્રિકેટ ઈતિહાસમાં એક એવો રેકોર્ડ બનાવ્યો છે જેને અત્યાર સુધી દુનિયાના કોઈ પણ વિકેટકીપર સ્પર્શી નથી શક્યા. ધોનીએ આ ઐતિહાસિક રેકોર્ડ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ સીઝનમાં બનાવ્યો છે.

**ટીર૦ ક્રિકેટમાં વિકેટકીપર તરીકે સૌથી વધારે વિકેટ લેનાર ખેલાડી**

૩૦૦- મહેન્દ્ર સિંહ ધોની
૨૭૪- કામરાન અકમલ
૨૭૪- દિનેશ કાર્તિક
૨૭૦- ક્વિંટન ડિકોક
૨૦૯- જોસ બટલર

હકીકતે રવિવારે વિશાખાપટનમના મેદાન પર ચેન્નાઈ સુપર કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સની વચ્ચે મેચ રમાઈ. આ મેચમાં ધોનીએ સ્પિન ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાના બોલ પર પૃથ્વી શોને વિકેટની પાછળથી કેચ આઉટ કર્યા. આ રીતે ધોની ઓવરઓલ ટીર૦ ક્રિકેટમાં ૩૦૦ શિકાર કરતા દુનિયાના પહેલા વિકેટકીપર બની ગયા છે. આ લિસ્ટમાં પાકિસ્તાનના પૂર્વ વિકેટકીપર કામરાન અકમલ અને ભારતના દિનેશ કાર્તિક સંયુક્ત રીતે બીજા નંબર પર છે.

# દર્શકોના હુરિયા પર હાર્દિક પંડયા જરાપણ ધ્યાન ન આપે : સ્ટીવ સ્મિથ



નવીદિલ્હી,
ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન સ્ટીવ સ્મિથે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડયાને સલાહ આપી છે કે, તે હાલમાં આઈપીએલમાં દર્શકો તરફથી થઇ રહેલી હટીંગ (દેકારો) પર ધ્યાન આપે. સ્મિથનું કહેવું છે કે, આ બધી વસ્તુઓનું કોઇ મહત્વ નથી.

રોહિત શર્માની જગ્યાએ એમઆઇ (મુંબઇ ઇન્ડિયન્સ)ના નવા કેપ્ટન બનેલા હાર્દિકને પોતાની કેપ્ટનશિપમાં પ્રારંભિક બન્ને મેચમાં હાર મળી છે.


બીજી બદા, રોહિત પાસેથી કેપ્ટનશીપ છીનવાઇ જતા નારાજ ફેન્સ સતત હાર્દિકને નિશાન બનાવી રહ્યા છે.

સ્મિથે જણાવ્યું હતું કે, હું માત્ર એટલું જ કહીશ કે હાર્દિક તેમાં ધ્યાન આપે-બહાર કોઇ વ્યકિત નથી જાણતું કે તમે કઇ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છો. બહારનો કોઇ શખ્સ ડ્રેસીંગ રૂમમાં નથી.


# જૈનાચાર્ય હંસરત્નસૂરીશ્વરજીના ૧૦૦મા માસક્ષમણના પારણા અક્ષય કુમાર હાજર રહ્યો, ૭ કરોડ દાન કર્યાની ચર્ચા

મુંબઈ,
વિશ્વ-શાંતિ અને અહિંસાનો સંદેશ દુનિયામાં ખૂણે ખૂણે પહોંચાડવાના ધ્યેય સાથે ઉગ્ર તપસ્યા કરતા જૈનાચાર્ય હંસરત્નસૂરીશ્વરજીએ સાતમી વાર સળંગ ૧૮૦ ઉપવાસ પૂર્ણ કરીને વરલીના નેશનલ સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં હજારોની મેદની વચ્ચે સોમાં પારણા કર્યા હતા. આ સાથે તેમણે જૈન ધર્મના ઈતિહાસમાં સૌથી લાંબી અને આકરી ઉપવાસ આરાધનાનો વિક્રમ સર્જ્યો હતો. આપ્રસંગે ૧૦ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર પણ સામેલ હતો.

વિવિધક્ષેત્રના અગ્રણીઓ અને ૩૫૦થી વધુ સાધુ-સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ અનોખા પારણા મહોત્સવમાં ફિલ્મસ્ટાર અક્ષય કુમાર ખાસ હાજર રહ્યો હતો. જૈનાચાર્ય કઠીન ઉપવાસ આરાધનાથી અત્યંત પ્રભાવિત થયેલા અક્ષય કુમારે જૈન ધર્મના સિદ્ધાંતો અનુસરવાનો સંકલ્પ કર્યો હતો. આ સાથે તેણે ૭ કરોડનો ચઢાવો કર્યાની પણ ચર્ચા છે.



# બ્લુસ્ટાર દ્વારા રૂમ એસીમાં નવીન શ્રેણીની રજુઆત




રૂમ એસી ક્ષેત્રે ભારતની ટોપ બ્રાન્ડ બ્લૂસ્ટાર એ આગામી ગરમીની ઋતુ ને ધ્યાનમાં રાખીને રૂમ એસીમાં અલગ અલગ પ્રકાર ના૧૦૦ થી વધુ મોડલની રજુઆત કરી છે.

મધ્યમ વર્ગની ખરીદ શક્તિ વધતા અને એસી હવે જરૂરિયાતની વસ્તુ લાગતા એસીનું બજાર નોંધ પાત્ર રીતે વધી રહ્યું છે.બ્લુસ્ટાર એ વધતી માંગને પહોંચી વળવા ફ્લેગશીપ, પ્રીમિયમ અને પરવડે તેવી રેન્જમાં ૨ સ્ટાર ૩ સ્ટાર ૫ સ્ટાર એસીની નવીન શ્રેણી પ્રસ્તુત કરી છે. કંપની એ તેની ૮૦મી વર્ષગાંઠ નિમિતે ગ્રાહકો માટે આકર્ષક ઓફર મુકેલ છે.

# રાજકોટમાં સિંધી સોશ્યલ યુવા ગ્રુપ દ્વારા ચૈટીચંડ મેલા મહોત્સવ

## દિવ્યાંગો અને નિરાધાર વૃધ્ધોને પ્રસાદ લેવડાવી મહાપ્રસાદની શરૂઆત થશે

રાજકોટ, ચેટીચંડ જે સિંધી સમાજનું નવુ વર્ષ તરીકે ઉજવવામાં આવે છે. સિંધી સોશ્યલ યુવા ગ્રુપ ધ્વારા છેલ્લા ૨૫-વર્ષથી સતત ચેટીચંડ ઉજવવામાં આવે છે અને ગ્રૂપને આ વર્ષ ૨૫-વર્ષ પુર્ણ થવા જઈ રહયા છે. ગ્રુપ છેલ્લા ઘણા વર્ષોથી સમાજમાં સક્રિયતા રીતે ધાર્મીક તહેવારો, સામાજીક કાર્યો કરી રહયું છે અને સમાજને વધુમાં વધુ સેવાઓ કરી રહયા છે.

આ વર્ષ તારીખ:૧૦/૦૪/૨૦૨૪ ને બુધવાર, સમય :- સાંજે ૬:૩૦ કલાક થી ૧૧:૦૦ કલાક સુધી રમેશભાઈ પારેખ સ્ટેજ, રેસકોર્ષ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે ઉજવવા જઈ રહયુ છે ત્યાં સુંદર મજાનું મંદીરનું નિર્માણ કરવાનું છે અને સાંસ્કૃતિક તેમજ ધાર્મીક સ્ટેજ કાર્યક્રમોની ડી.જે.ની સથવારે વણઝાર પણ કરેલ છે. સમાજના સાથે આવતા બાળકો માટે બાળનગરી જેમાં જમ્પીંગ, ટ્રેન, ચકરડી વિગેરેનુ પણ આયોજન કરેલ છે. સમાજમાં નવયુગલના વ્યવહારીક સબંધો થેલેસેમીયા પીડીત ન રહે તે હેતુથી ત્યાં સ્થળ ઉપર જ થેલેસેમીયા ટેસ્ટ ફ્રી કેમ્પ રાખેલ છે અને બ્લડ ડોનેશન કેમ્પ, ધાર્મીક પુસ્તકોનુ વિતરણ, સેલ્ફી પોઈન્ટો અને દિવ્યાંગો અને સમાજમાં નબળા એકલતા ભર્યું આશ્રમોમાં જીવન વિતાવતા વૃધ્ધોનું માતૃ-પિતૃ વંદના કરી મહાપ્રસાદ લેવડાવી કાર્યક્રમોની શુભ શરૂઆત કરાવશું જે ભવ્ય થી ભવ્ય કાયક્રમમાં વીસ હજારથી વધારે સિંધી સમાજના લોકો મહાપ્રસાદનો લાભ લેશે.

# રાજકોટની નક્ષત્ર,જામટિંબડીની શાળાના છાત્રોનો અચૂક મતદાનનો સંદેશ

## વિવિધ શાળાઓમાં યોજાયું ચૂંટણીનું પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશનઃ છાત્રોએ કર્યો મતાધિકારનો ઉપયોગ




રાજકોટ, ચૂંટણી એ લોકશાહીનું પર્વ છે અને દેશનું ગર્વ પણ છે. હાલ લોકસભાની ચૂંટણી આવી પહોંચી છે, ત્યારે વધુમાં વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીની પ્રક્રિયામાં ભાગીદાર બને તે માટે, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સીસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. જે અંતર્ગત વિવિધ શાળોમાં પણ ભાવિ નાગરિકો એવા વિદ્યાર્થીઓને મતાધિકારની પ્રક્રિયા અંગે સમજ અપાઈ રહી છે, તો છાત્રો પણ વિવિધ સ્વરૂપે વર્તમાન નાગરિકોને લોકશાહીના હિતમાં મતાધિકારનો ઉપયોગ કરવા માટે અપીલ કરી રહ્યા છે.

વિદ્યાર્થીઓમાં મતાધિકાર અંગે જાગૃતિ લાવવા તેમજ તેમને મતદાનની પ્રક્રિયાની સમજ આપવા માટે રાજકોટની નક્ષત્ર પ્રિ-સ્કૂલ, નક્ષત્ર ધો.૧થી ૧૨ની શાળા તથા સાયન્સ ધો. ૧૧-૧૨ સાયન્સ સ્કૂલે અનોખો પ્રયોગ કર્યો હતો. શાળાએ સ્કૂલમાં જ ચૂંટણીનું પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન યોજીને છાત્રોને ચૂંટણીની આખી પ્રક્રિયા સમજાવી હતી. જેમાં છાત્રોની યાદી તૈયાર કરાઈ, ચૂંટણી બૂથ બનાવાયા હતા. તેમજ પ્રીસાઈડિંગ ઓફિસર પણ બનાવાયા હતા. એ પછી દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થિની પોતે પોતાનો નંબર લઈને આવે તેને યાદીમાં (ડમી મતદાર યાદી)માં ટીક કરીને, આંગળી પર શાહીનું ટપકું કરાતું. એ પછી વિદ્યાર્થી મતદાન કૂટિરમાં જઈને મત આપીને મતદાન પ્રક્રિયાનો અનુભવ મેળવતો હતો.

મહત્ત્વનું છે કે, અહીં વિદ્યાર્થિનીઓ સંચાલિત સખી મતદાન મથક પણ બનાવાયું હતું. શાળાએ યોજેલા આ પ્રયોગમાં તમામ છાત્રો-છાત્રાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ તકે તમામ વિદ્યાર્થીઓએ એકસૂરમાં (મારો મત મારું ભવિષ્ય છે) - એ સંદેશો આપ્યો હતો. આ સાથે આગામી લોકસભાની ચૂંટણીમાં વર્તમાન નાગરિકોને પણ અચૂક મતદાન કરીને લોકશાહીનો ધર્મ નિભાવવા અપીલ કરી હતી.

# રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં "મતદાર જાગૃતિ" કાર્યક્રમ યોજાયો

રાજકોટ, ૬૮-રાજકોટ (પૂર્વ) વિધાનસભા મતવિસ્તારમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અને મામલતદાર - રાજકોટ પુર્વના માર્ગદર્શન હેઠળ છેલ્લી ચૂંટણીમાં જે વિસ્તારમાં ૫૦ % કરતા ઓછું મતદાન થયુ હોય તથા પુરુષ અને સ્ત્રીના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહ્યો છે તેવા વોર્ડ નંબર ૧૬, બિલાલ ચોક, જંગલેશ્વર શેરી નં ૩૧ અને યોગેશ્વર ચોક વિસ્તારમાં વોર્ડ ઓફિસરશ્રી દ્વારા "મતદાર જાગૃતિ" કાર્યક્રમ કરવામાં આવ્યો હતો . આ કાર્યક્રમમાં જંગલેશ્વર વિસ્તારના લોકોને મતદાનનું મહત્વ સમજાવી, મતદાન કેવી રીતે કરવું તે અંગે માહિતી આપી હતી તથા ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા અન્યોને મતદાન કરાવવા માટે સર્વને અપીલ કરવામાં આવી હતી.

# જસદણના બળધોઈમાં સખી મંડળની મહિલાઓને મતદાન માટે પ્રેરિત કરાયા

રાજકોટ, લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૧૦ - રાજકોટ સંસદીય મતવિસ્તારની ચૂંટણીનું મતદાન તા. ૭ મે, ૨૦૨૪ના રોજ થનારું છે. ત્યારે ૭૨ - જસદણ વિધાનસભા મતદાર વિભાગમાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ અર્થે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટ્રોલ પાર્ટીશીપેશન) અભિયાન અંતર્ગત જસદણ તાલુકાના બળધોઈ ગામમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્વસહાય જૂથોને ચૂંટણી પ્રક્રિયા અંગે જાણકારી આપવામાં આવી હતી. તેમજ વધારેમાં વધારે મતદાન થાય, તે માટે સખી મંડળની મહિલાઓને પ્રેરિત કરવામાં આવ્યા હતા. આમ, મહિલાઓમાં મતદાનનું પ્રમાણ વધારવાના પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે.

# રાજકોટ એસ.ટી. ડીવીઝનનો ગુજરાતમાં ફર્સ્ટ નંબર : બે મહિનામાં ૪૨ બસો નવી આવતા 'ઓવર એઈજ' બસની સંખ્યા ઝીરો



રાજકોટ, રાજકોટ એસ.ટી. ડીવીઝનને ૨ દિ' પહેલા ૨૩ નવી બસો ફાળવાઇ જે વિવિધ ડેપોમાં સોંપી દેવાઇ: એ પહેલા ૧૯ નવી બસો ફાળવાઇ હતી: આમ બે મહિનામાં કુલ ૪૨ જેટલી બસો આવતા આજથી રાજકોટ એસટી ડીવીઝનમાં ઓવર એઇઝ એટલે કે ૧૦ લાખથી વધુ કિ.મી. ચાલેલી બસોની સંખ્યા ઝીરો થઇ ગઇ છે: રાજકોટ ડીવીઝનમાં સમગ્ર રાજયમાં ફર્સ્ટળ નંબરે આવી ગયું છે. રાજકોટ એસ. ટી. ડીવીઝનના ઈતિહાસમાં આવુ પહેલી વખત બન્યું છે: હજુ વધુ નવી બસો આવશે તેમ સુત્રો ઉમેરી રહ્યા છે

# રાજકોટમાં વિશ્વ રંગભૂમિ દિન નિમિતે ત્રિદલ બિલ્વપત્રરૂપી ત્રણ એકાંકી નાટકો યોજાયા



રાજકોટ, ૨૭ માર્ચ વિશ્ર્વ રંગભૂમિ દિન નિમિતે રંગનગરી રાજકોટમાં ઉત્સવ એક્ટિંગ એકેડેમી અને તેની સહયોગી સંસ્થા કિરદાર ફાઉન્ડેશનને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાય મળતા, શિવમ્ ફાઉન્ડેશન - રાજકોટને પણ આવરી લઇ હેમુ ગઢવી મીની થીયેટર ખાતે રંગદેવતાને ત્રિદલ બિલ્વપત્ર રૂપી ત્રણ એકાંકી નાટકો અર્પણ કરી ૩૫ - જેટલા કલાકાર - કસબીઓ દ્વારા મહાદેવ નટરાજની વંદના સાથે કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.બાળ કલાકારો ધર્મ જોષી અને જીતાર્થ જોષી દ્વારા રંગ જ્યોત પ્રગટ કરી હતી. કવિ - નાટ્યકાર ડો. શૈલેશ ટેવાણી દ્વારા, રજૂ થનાર ત્રણે નાટકોની ભૂમિકા સાથે રંગભૂમિ વિષે મનનીય પ્રવચન આપ્યું હતું.

# રાજકોટમાં મતદાર નોંધણી અધિકારીશ્રી નિશા ચૌધરીની અધ્યક્ષતામાં 'ચુનાવી પાઠશાલા કાર્યક્રમ' યોજાયો

## ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને મતદાતાઓને જાગૃત કરવામાં સહભાગી બનતા પ્રાથમિક શાળા નં. - ૯૧ના વિદ્યાર્થીઓ

રાજકોટ , લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૬૯ - રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ મતદાન મથકો કે જયાં ૫૦% કરતા ઓછું મતદાન થયેલું હોય અને પુરૂષ-સ્ત્રીના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહેતો હોય તેવા વિસ્તારમાં મતદાન વધારવા માટે અને મતદાનનું મહત્વ સમજાવવા બાબતે સ્વીપ નોડલ અધિકારીશ્રી જીજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જે અન્વયે મતદાર નોંધણી અધિકારી અને આસીસ્ટન્ટ કલેક્ટરશ્રી - રાજકોટ શહેર-૨ નિશા ચૌધરીના અધ્યક્ષસ્થાને રૈયાધાર વિસ્તારમાં આવેલી ડો. ઝાકીરહુસેન પ્રાથમિક શાળા નં. - ૯૧ ખાતે 'ચુનાવી પાઠશાલા કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના ધોરણ ૮ના વિદ્યાર્થીઓ દ્વારા "મતદાન અને તેનું મહત્વ" એ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લઈને અવનવા રંગીન ચિત્રો દોર્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને ૬૯ - રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ તરફથી ચિત્ર સ્પર્ધા માટે જરૂરી સ્ટેશનરી, ડ્રોઈંગ પેપર્સ તથા કલર્સ પૂરા પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# રાજકોટના નંદ ગ્રુપ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો



રાજકોટ, રાજકોટના નંદ ગ્રુપ દ્વારા ૨૩ માર્ચ શહીદ દિવસના દિવસે રિટાયરમેન્ટ આર્મી તેમજ નંદ ગ્રુપના આગેવાનો તેમજ કાર્યકરો સાથે શહીદોને શ્રદ્ધાંજલિ તેમજ ભારત માતાની આરતી કરી અને જવાનોને રાષ્ટ્રભાવથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય દાતા તરીકે નિલેશભાઈ ભેંસદડીયા, અશ્ર્વિનભાઈ ભુવા શિવમ ગ્રુપ ધર્મેશભાઈ ભાલોડીયા સ્વયમ નંદ ગ્રુપ નો સહકાર પ્રાપ્ત થયો હતો. સમગ્ર આયોજન નંદ ગ્રુપ તથા પિયુષ સીતાપરા પ્રમુખ રાજકોટ પાન એસોસિયેશન દ્વારા કરાયું હતું. આ તકે મુખ્ય મહેમાન તરીકે પરસોતમ રૂપાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જગદીશભાઈ કોટડીયા ઉપપ્રમુખ ઉમિયા માતાજી મંદિર સીદસર ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ઓલા ઈલેક્ટ્રીકે માર્ચમાં ૫૩,૦૦૦થી વધુ એકમોનું અત્યાર સુધીના સૌથી ઉચ્ચત્તમ રજીસ્ટ્રેશન નોંધ્યા

## નાણાકીય વર્ષ ૨૩ની સરખામણીમાં રેકોર્ડ ૧૧૫% વૃદ્ધિ સાથે નાણાકીય વર્ષ ૨૪ પૂર્ણ

જામનગર

ઓલા ઈલેક્ટ્રીકે આજે જાહેરાત કરી કે તેણે માર્ચ મહિનામાં ૫૩,૦૦૦થી વધુ રજીસ્ટ્રેશન (વાહન પોર્ટલ મુજબ) નોંધાવી છે, જે સતત પાંચમા મહિને ફરીથી તેનું સૌથી વધુ માસિક વોલ્યુમ પોસ્ટ કરે છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૩ની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૪માં ૧૧૫%ની વાર્ષિક વૃદ્ધિ હાંસલ કરી હતી અને નાણાકીય વર્ષ ૨૩માં ૧,૫૨,૭૪૧ એકમોની સામે ૩૨૮,૭૮૫ એકમો નોંધાયા હતા. માર્ચમાં તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે, કંપનીએ મહિના દરમિયાન તેનો અગ્રણી બજાર હિસ્સો જાળવી રાખવાનું ચાલુ રાખ્યું અને અગાઉના ત્રિમાસિક ગાળામાં ૮૪,૧૩૩ એકમોની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૪ના ચોથી ત્રિમાસિક દરમિયાન ૧૧૯,૩૧૦ એકમોની નોંધણી સાથે માસિક ૪૨%ની વૃદ્ધિ થઇ. ઓલા ઈલેક્ટ્રિકે કોઈપણ વધારાના ખર્ચ વિના ઉત્પાદનોની સમગ્ર શ્રેણી માટે ૮-વર્ષ/ ૮૦,૦૦૦ કિમી વિસ્તૃત બેટરી વોરંટી પણ લોન્ચ કરી છે, ઓલા ઈલેક્ટ્રીકનું માનવું છે કે વાહનોના આયુષ્યને લંબાવીને ઈવી અપનાવવામાં આવતા અવરોધોમાંથી એકને દૂર કરે છે. ગ્રાહકો હવે એડ-ઓન વોરંટી પણ પસંદ કરી શકે છેઅને રૂ. ૪,૯૯૯ની નજીવી કિંમતે ૧૨૫,૦૦૦ કિમી સુધીની મુસાફરી કરેલ કિલોમીટરની ઉપલી મર્યાદા વધારી શકે છે. ઓલા ઈલેક્ટ્રિકે ૩ દ્વઉની પોર્ટેબલ ફાસ્ટ ચાર્જર એક્સેસરી પણ રજૂ કરી છે અને તે ૨૯,૯૯૯ રૂપિયામાં ખરીદી માટે ઉપલબ્ધ છે. ૧૯ માર્ચે, કંપનીએ સમગ્ર દેશમાં તેના સેવા નેટવર્કને વિસ્તારવાના પ્રયાસરૂપે પ્રયાગરાજમાં તેના ૪૫૦મા સેવા કેન્દ્રનું ઉદ્ઘાટન પણ કર્યું.

# વેરાવળ સમસ્ત ખારવા સમાજ દ્વારા લોન સેમિનાર અને માર્ગદર્શન કેમ્પ યોજાયો



વેરાવળ, વેરાવળ સમસ્ત ખારવા સમાજના.પટેલ જીતુભાઈ મોહનભાઈ કુહાડાના સાથ સહકાર થી અખિલ ગુજરાત માછીમાર મહા મંડળ તેમજ સમસ્ત ખારવા સમાજ ના અધ્યક્ષ કિશોરભાઈ મોહન ભાઈ કુહાડાના અધ્યક્ષ સ્થાને તારીખ ૨૯, ૦૩, ૨૦૨૪ ને શુક્રવારે સમસ્ત ખારવા સમાજ ની વાડીએ સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયા અને સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સેમિનારમાં કાર્યક્રમનો પ્રારંભ સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયાના મેનેજર બીરજુલાલ શર્મા અખિલ ગુજરાત માછીમાર મહામંડળ પ્રમુખ અને સમસ્ત ખારવા સમાજ અદયક્ષ કિશોરભાઈ મોહનભાઈ કુહાડા તેમજ સમસ્ત ખારવા સમાજ ના.પટેલ જીતુભાઈ મોહનભાઈ કુહાડાનુ સાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી હર્ષભેર સન્માનિત કરેલ. અન્ય અગ્રણીઓ ઉપ પટેલ બાબુભાઈ આગિયા ગોપાલભાઈ ફોફંડીનું ભાવભેર સન્માનિત સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડીયાના ભરત ભાઈ આજણી દ્વારા થયેલ કાર્યક્રમ અંતર્ગત સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયાના મેનેજર શર્મા ભાઈ દ્વારા બેક્ર ની લોનની સુવિધાઓ બીજનેશ લોન ગોલ્ડ લોન પર્સનલ લોન હોમલોન કાર લોન ઓછા વ્યાજ જરૂરિયાતના ડોક્યુમેન્ટ સાથે માત્ર અડધી કલાક મા આપવા તેમજ એટી, એમ ગુમ થઈ જાય તો બેક્ર માં સમય ન બગાડી ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર પર બંધ કરાવવા તેમજ અન્ય આરોગ્ય બાબત માત્ર રૂપિયા ૧૦,૫૦૨ દસ હજાર પાંચસો બે રૂપિયામાં આજીવન વિમા પોલીસી તેમજ મયુચલ ફંડ બાબત યોગ્ય માર્ગદર્શન આપેલ.

# રાજકોટ નાગરિક સહકારી બેંક વિકાસના પંથેઃ ૧૩૩.૬૭ કરોડનો નફો નોંધાવ્યો

રાજકોટ, સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ કો-ઓપરેટીવ બેંક, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ઉત્સા?હવર્ધક પરિણામો રજૂ કર્યા છે.બેંકના કાર્યકારી ચેરમેન જીમ્મીભાઇ દક્ષિણી જણાવે છે કે ૩૧ માર્ચ ૨૦૨૪ નાં અંતિત વર્ષ માટે બેંકે નફો રૂા. ૧૩૩.૬૭ કરોડ નોંધાવેલ છે. જયારે થાપણો રૂા. ૬,૨૩૧ કરોડ, ધિરાણ રૂા. ૩,૮૧૭ કરોડ, અને બિઝનેશ વિક્રમજનક રૂા. ૧૦,૦૦૦ કરોડથી વધુ રહ્યો છે. બેંકના હિસાબો મુજબ રીઝર્વ ફંડ રૂા. ૩,૮૧૭ કરોડ નોંધાયેલ છે. જેમાં ચાલુ વર્ષના નફાની ફાળવણી થતાં રિઝર્વ ફંડની રકમ પણ વિક્રમજનક રૂા. ૧,૦૦૦ કરોડને પાર થશે. બેંકે આ વર્ષે પણ સતત 'ઝીરો નેટ એન. પી.એ.' ની ગૌરવવંતી સિધ્ધીક જાળવી રાખી છે.તાજેતરમાં જ આઝાદીના અમૃત મહોત્સખવની સર્વત્ર યાદગાર ઉજવણી થઇ હતી. બેંક દ્વારા ૭૫ હજાર નવા ખાતેદારોને બેંક સાથે જોડી આ અવસરની વિશિષ્ટર ઉજવણી કરી હતી.

બેંક દ્વારા ઇ. સ. ૨૦૧૮ થી ૧૮ ટકા ડીવીડન્ટ. આપવામાં આવે છે. ૩ લાખથી વધુ સભાસદોનો વિશાળ પરિવાર ધરાવતી બેંકે છેલ્લા ૧૧ વર્ષથી સભાસદોને રૂા. ૧ લાખના વીમાનું સુરક્ષા કવચ આપેલું છે. આવી જ રીતે ગ્રાહક સુવિધાની વાત કરીએ, તો ડીજીટલ બેંકીંગના આ યુગમાં ખાતેદારોને અદ્યતન બેકિંગ સુવિધા મળી રહે તે માટે મોબાઈલ અને વ્હો ટસએપ બેકિંગ ઉપલબ્ધગ છે. બેંકમાં થતાં કુલ વ્યરવહાર પૈકી ૮૭ ટકા વ્યસવહારો ડીજીટલ થાય છે.બેંકના સીઇઓ અને જનરલ મેનેજર વિનોદ શર્મા શ્રેષ્ઠા પરિણામોનો યશ બોર્ડ ઓફ ડીરેકટર્સ, શાખા વિકાસ સમિતિનાં સભ્યો , ડેલીગેટ, વિશાળ ગ્રાહક વર્ગ, સભાસદ પરિવારજનો અને કર્મઠ કર્મચારીગણને આપતાં સમગ્ર નાગરીક પરિવારનો હ્રદયપૂર્વક આભાર માને છે.

# રાજકોટ શહેરની શાળાની બાળાઓ "મતદાન જાગૃતિ અભિયાન"ની કામગીરીમાં અગ્રેસર

## વિદ્યાર્થિનીઓએ સંકલ્પ પત્રો ભરી મતદાન કરવાના સંકલ્પ કર્યા

રાજકોટ,લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અન્વયે દેશભરના મતદારો મતદાન માટે પોતાની ભાગીદારી નોંધાવે તે માટે ઠેર-ઠેર "મતદાન જાગૃતિ અભિયાન" હેઠળ વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત રાજકોટ શહેરની શ્રી આર.એમ.છાયા કન્યા વિદ્યાલય અને સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ "દસ મિનીટ દેશને નામ", "લોકતંત્રનો ભાગ્ય વિધાતા, આજનો જાગૃત મતદાતા" સુત્રો સાથે મતદાન જાગૃતિ અભિયાનમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં મહિલાઓની મતદાનમાં ભાગીદારી, સહપરિવાર મતદાનનો સંકલ્પ સહિતના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. આ સાથે મતદાન કરીશ અને કરાવીશના શપથ ગ્રહણ કર્યા હતા. અને વિદ્યાર્થિનીઓએ સંકલ્પ પત્રો ભરીને ભવિષ્યમાં મતદાન કરવાના સંકલ્પ કર્યા હતા.

# ચેરિટીતંત્રની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી ઈણાજ ખાતે નવા બિલ્ડીંગમાં કાર્યરત કરાઈ

વેરાવળ,જિલ્લાની ચેરિટીતંત્રની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી પોલીસ પરેડ ગ્રાઉન્ડની બાજુમાં, વેરાવળ તાલાળા રોડ ઈણાજ ખાતે નવા બિલ્ડીંગમાં કાર્યરત થઈ છે.

જેથી ગીર સોમનાથ જિલ્લામાં સમાવેશ થતાં સાર્વજનીક ટ્રસ્ટો તથા સખાવતી મંડળીઓનાં ટ્રસ્ટીઓને ટ્રસ્ટ અંગેની કામગીરી જેવી કે, નવા ટ્રસ્ટની નોંધણી કરાવવી, ફેરફાર રિપોર્ટ રજૂ કરવા, જૂના સર્ટિફિકેટ જમા કરાવી નવા સર્ટિફિકેટ મેળવવા તથા ઓડિટેડ હિસાબો રજૂ કરવા, ફાળો ભરવા વગેરેની કામગીરી માટે તથા જાહેર જનતા જોગ જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, પોલીસ પરેડ ગ્રાઉન્ડની બાજુમાં, વેરાવળ-તાલાળા રોડ, ઈણાજ, તા. વેરાવળ, જી. ગીર સોમનાથના સરનામે રાબેતા મુજબ કાર્યરત કરવામાં આવી છે. જેનો સંપર્ક નંબર (૦૨૮૭૬) ૨૪૦૪૪૦ છે.

# રાજકોટના કોઠારીયા ગામે સમુહ લગ્નમાં બે દિવસ રકતદાન કેમ્પ

રાજકોટ,અત્યાટરે ઉનાળાના અસહ્ય તાપમાં રાજકોટ સિવિલ હોસ્પીટલમાં તમામ પ્રકારના બ્લનડ ગૃપની સખત અછત હોય, જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યેહ બ્લતડ મળી રહે તેવા શુભ આશયથી, સર્વ જ્ઞાતિ સમુહ લગ્ન સમિતિ સમસ્તુ કોઠારીયા ગામ દ્વારા ૧૪ દિકરીઓના સમુહ લગ્ન નિમિત્તે, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેજશનના વિશેષ સહયોગથી તા. ૩/૪ અને તા. ૪/૪ બુધવાર તથા ગુરુવાર સાંજે ૭ થી ૧૧ વાગ્યા સુધી, ક્રિકેટ ગ્રાઉન્ડ,, પ્રમોદાબહેન પ્રાથમીક શાળાની બાજુમાં, કોઠારીયા ગામ, રાજકોટ ખાતે રકતદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પબમાં શ્રી સતીશભાઇ સાગઠીયા, શ્રી કેશવભાઇ પરમાર, શ્રી ભરતભાઇ સાગઠીયા, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેબશનના શ્રી વિનય જસાણી, ડો. પ્રતીક અમલાણી (યુરોઃ ગોલ્ડઠ મેડલીસ્ટર) રાજકોટ સિવિલ હોસ્પીયટલ બ્લગડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે.

# રાજકોટમાં વિદેશમંત્રી એસ.જયશંકર પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ : એવો કોઈ દેશ નથી જયાં ગુજરાતી ન હોય

## દેશના વિકાસમાં ગુજરાતીઓનું યોગદાન મહત્વનું: વિદેશમંત્રી એસ.જયશંકર







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
દેશના વિદેશમંત્રી એસ.જયશંકર આજે રાજકોટના મહેમાન બન્યા હતા. અત્રે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે સમારોહમાં લોકોને સંબોધતા વિદેશમંત્રી એસ.જયશંકરે હાલ લોકસભાની ચુંટણી આવી રહી છે ત્યારે જણાવ્યું હતું કે, કોઈપણ દેશનું ભાગ્ય ત્યાંની પ્રજાના હાથમાં હોય છે અને દર પાંચ વર્ષે પ્રજાને આ મોકો મળતો હોય છે.

આ તકે વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં ગુજરાતીઓનું યોગદાન મહત્વપૂર્ણ છે. એવો કોઈ દેશ નથી જયાં ગુજરાતી ન હોય.

વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે, તેમને પ્રથમ વખત રાજકોટમાં આવવાનો મોકો મળ્યો છે. છેલ્લા ૧૦ વર્ષથી આપણે જોઈએ છીએ કે કઈ રીતે રાષ્ટ્રનું નિર્માણ થઈ રહ્યું છે. આપણી ફરજ પણ છે કે આપણે તેના માટે કટિબદ્ધ વ્યક્તિઓના હાથ મજબૂત કરીએ.

જયશંકરે જણાવ્યું હતું કે, અમૃતકાળની યાત્રામાં આપણે સફળ થશુ એવી આશા છે. છેલ્લા ૧૦ વર્ષમાં જે પરિવર્તન આવ્યું તેનો પ્રભાવ વિદેશમાં જોવા મળી રહ્યો છે.

એસ.જયશંકરે તેમના પુસ્તક ‘માય ભારત મેટર્સ’નો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ પણ થોડા સમયમાં આવી જશે. આ પ્રસંગે વિદેશમંત્રીએ ગુજરાતીના યોગદાનને યાદ કરી કહ્યું હતું કે દેશના વિકાસમાં ગુજરાતીઓનું યોગદાન મહત્વપૂર્ણ છે.

એસ.જયશંકરે સરકારની અન્ન યોજનાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે અન્ન યોજનાના લાભાર્થી ૮૦ કરોડ છે. જેનો સીધો મતલબ એ છે કે તમે યુરોપ અને અમેરિકાને અન્ન પૂરું પાડી રહ્યા છો.

વિદેશમંત્રીએ કેન્દ્રની ઉજ્જવલા યોજનાને યાદ કરીને કહ્યું હતું કે ઉજ્જવલા યોજના ૯૦ કરોડ લાભાર્થી સુધી પહોંચી છે. જયશંકરે આવાસ યોજનાનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે આવાસ યોજનાના જે લાભાર્થીઓની સંખ્યા છે એટલી તો જાપાન અને જર્મનીની વસ્તી છે.આર્થિક પાસાના સંદર્ભમાં એસ.જયશંકરે જણાવ્યું હતું કે આપણો અત્યારે ૪ ટ્રીલીયન જીડીપી ગ્રોથ છે. આપણું લક્ષ્યાંક ૫ ટ્રીલીયન સુધી પહોંચવાનું છે. ગોલ્ડમેન રિસર્ચનું કહેવુ છે કે ભારત ૨૦૭૫ સુધીમાં વિશ્વનું બીજું સૌથી મોટુ અર્થતંત્ર હશે તેવી ભવિષ્યવાણી વિદેશમંત્રીએ નાખી હતી.

વિદેશમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે વિશ્વમાં અનેક ફેરફારો આવી રહ્યા છે. રોજગારીના સંદર્ભમાં વિદેશમંત્રીએ જણાવ્યું હતું કે રોજગારીની તકો દેશમાં અને દેશની બહાર બન્ને જગ્યાએ છે.

સેમી કન્ડકટરનો ઉલ્લેખ કરતા એસ.જયશંકરે કહ્યું હતું કે વિશ્વમાં હાલ સેમી કંડકટર મામલે સ્પર્ધા શરૂ થઈ છે. વિદેશમંત્રીએ આ મામલે ગુજરાતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ગુજરાતમાં ધોલેરામાં સેમી કંડકટરની ફેકટરી શરૂ થવા જઈ રહી છે અને સરકાર તેના માટે કામ કરી રહી છે.

વિદેશમંત્રીએ ગરીબીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. એસ.જયશંકરે સંબોધનમાં કહ્યું હતું કે ભારત આજે વિશ્વના અનેક રાષ્ટ્રો માટે રોલ મોડેલ બન્યું છે.

યુક્રેન, પોલેન્ડ, રોમાનિયામાં મુસીબતો પેદા થતા વિદેશ મંત્રાલયે કામગીરીને યાદ કરતા જણાવ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધ શરૂ થયું ત્યારે ૨૦ હજાર લોકોને ત્યાંથી એરલિફ્ટ કરવા ઓપરેશન ગંગાની ભારતે શરૂઆત કરી લોકોને સ્વદેશ લાવવામાં આવ્યા હતા.

પોલેન્ડ અને રોમાનિયાના માધ્યમથી મેકસીમમ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા, જામસાહેબ દ્વારા કરવામાં આવેલ એ મદદને હજુ પણ પોલેન્ડને યાદ છે.

# રાજકોટમાં ભાજપના વિવિધ મોરચા સેલનાં આગેવાનોની બેઠક યોજાઇ

### તમામ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ સાથે વિવિધ સંગઠનાત્મક કામગીરીની સમીક્ષા કરાઇ



રાજકોટ,
લોકસભા ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ખાતે કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં અને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની અધ્યક્ષતામાં શહેર ભાજપના વિવિધ મોરચા અને સેલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીતના ઉપસ્થિત રહયા હતા.

આ બેઠકમાં પરશોતમભાઈ રૂપાલાએ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકારની વિવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ અને માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવા કટીબધ્ધ બને તેમજ ચૂંટણીલક્ષી કામગીરી અંતર્ગત વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડયું હતું. તેમજ વિવિધ મોરચા-સેલને લગતી કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ માં થયેલ નેત્રદિપક કામગીરીના બેનરો બનાવીને પ્રચાર-પ્રસાર કામગીરીને વેગવંતુ બનાવવા અંતર્ગત માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં શહેર ભાજપના વિવિધ મોરચામાં યુવા મોરચો, મહિલા મોરચો, બક્ષીપંચ મોરચો, કિસાન મોરચો, અનુસુચિત જાતી મોરચો, લઘુમતી મોરચો, આદી જાતિ મોરચાના પ્રમુખ, મહામંત્રી, હોદેદરો તેમજ શહેર ભાજપના વિવિધ સેલ જેવા કે લીગલ સેલ, વેપારી સેલ, શિક્ષક સેલ, આર્થિક સેલ, સાંસ્કૃતીક સેલ, સી.એ. સેલ, બૌધ્ધિક સેલ, સહકાર સેલ, માલધારી સેલ, ગૌ સવંર્ધન સેલ ના સંયોજક સહસંયોજક સહિતના ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટમાં મનપાની પ્રિ-મોન્સુન વોકળા સફાઈ શરૂ : ૮૫ ટન ગાર-કચરાનો નિકાલ

### મનપાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા વોર્ડ નં. ૨,૪,૫,૭, ૧૦,૧૪ તથા ૧૫ ના વોકળા ચોખ્ખા ચણાંક કરાયા



રાજકોટ,
રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા ‘સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪’ અને ‘નિર્મળ ગુજરાત ૨.૦’અભિયાન હેઠળ પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૦૧-૦૪-૨૦૨૪ના રોજ શહેરના વોર્ડ નં.૨, ૪, ૫, ૭, ૧૦, ૧૪ અને ૧૫માં આવેલ વોંકળાની સફાઈ કરી આશરે ૮૫ ટન ગાર / કચરોનો નિકાલ કરવામાં આવેલ.

પૂર્વ ઝોનના વોર્ડનં.૧૫માં ચુનારાવાડ શેરી નં ૪, ડાભી હોટલ પાસેના વોંકળામાં સફાઈ, અરવિંદ ઈન્ડફસ?ટ્રીઝ અને કંગાશીયાવાડ વોકળામાં સફાઈ, વોર્ડ નં.૦૪માં વોર્ડ નં.૪ ઓફિસ પાસે અને ધોળકીયા સ્કુલ પાસેના વોકળામાં સફાઈ, જે.સી.બી. ડમ્પવર દ્વારા જે.કે.નાલા રોહિદાસપરામાં વોકળામાં સફાઈની કામગીરી તથા વોર્ડ નં.૫માં આર્યનગર અને વાલ્મિકી આવાસ યોજના પાસેના વોકળામાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી.

મધ્યઝોનના વોર્ડનં. ૦૭માં મણીમાની વાડી ઠક્કર બાપા વાસ નાળા તરફ જે.સી.બી. ડમ્પર દ્વારા વોકળા સફાઈ, સરદાર નગર-૯ના વોકળામાં સફાઈ, વોર્ડ નં.૨માં ઠાકર હોટેલ પાસે ડમ્પર દ્વારા વોકળામાં સફાઈ, વોર્ડનં.૧૪માં હાથીખાના-૧૭ બોક્ષ ગટરની સફાઈ કામગીરી કરવામાં આવેલ.૫?મિ ઝોનના વોર્ડ નં.૧૦માં ગુરુજીનગર આવાસ પાસે તથા વામ્બે આવાસ મેન્યુલ તથા ડમ્પર દ્વારા વોકળામાં સફાઈ કામગીરી કરવામાં આવેલ હતી.આમ, ત્રણેય ઝોનમાંથી કુલ-૦૮ ડમ્પર ફેરા અને ૦૫ ટ્રેક્ટર ફેરાથી અંદાજીત ૮૫ ટન ગાર, કચરો વોંકળામાંથી નિકાલ કરવામાં આવેલ છે.ઉપરોક્તર કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન તથા નાયબ કમિશનર સ્વપ્નલ ખરેની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી કરવામાં આવેલ છે. જે અંતર્ગત પર્યાવરણ ઈજનેર અને લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ. શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

## રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રિક્ષાના પાર્કિંગ બંધ : દર્દી- સગાઓ પરેશાન



રાજકોટ,
રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં આવતા-જતા દર્દીઓ માટે હવે નવી મુસિબત ઉભી થયાની ફરિયાદો ઉઠી છે. તંત્રએ કોઈ કારણોસર ઓટો રીક્ષાના પાર્કિંગ પર બ્રેક મારી દેતા વૃધ્ધ-અશક્ત-ચાલી ન શકે તેવા દર્દીઓને બહારથી સબંધિત વોર્ડ વિભાગ સુધી કેમ પહોંચાડવા તે પ્રશ્ર્ન દર્દીઓમાં દેકારો થયો છે.જાણકારો કહે છે કે, અગાઉ ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાંથી સિવિલ હોસ્પિટલમાં નાના-મોટા વાહનો એટલે કે રીક્ષા અને એમ્બ્યુલન્સ મારફતે પ્રવેશી શકાતુ અને આ મેદાનમાં રીક્ષાઓ પાર્કિંગ થઈ શકતું પણ અહીં સબંધી તંત્રએ ચૂંટણી કામગીરીને લીધે સતત વાહનોની અવર-જવર પાર્કિંગને ધ્યાને લઈ દિવાલ ઉભી કરી દેતા હવે ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાંથી દર્દીઓના રીક્ષા જવા વાહનોની અવર-જવર બંધ થઈ ગઈ છે. પરિણામે દર્દીઓની આવન-જાવનમાં હાડમારી ઉભી થયાની ફરિયાદો ઉઠી છે.

જાણકારો કહે છે કે સિવિલના મેદાનમાં વાહનોની અવરજવરને પાબંધી નથી લદાઈ પણ રીક્ષા જેવા ખાનગી વાહનોનું પાર્કિંગ બંધ કરવામાં આવ્યું છે.આવા નિર્ણય પાછળ તંત્રનું કહેવાનું થાય છે કે, અહીં રોજબરોજ દર્દી- દર્દીના સગાઓની મોટી અવરજવરને લીધે ટ્રાફિક સમસ્યા ઉભી થાય છે ઘણી વખત હોસ્પિટલ પાંગણમાં અકસ્માતોનો દર્દીઓમાં ભય સેવાતો હોવાથી અહીં વાહનોનું પાર્કિંગ બંધ કરવામાં આવ્યું છે.

# રાજકોટ ઝૂમાં ઉનાળાનો પ્રારંભ થતા જ વન્ય પ્રાણીઓ, પક્ષીઓ માટે ઠંડકની વ્યવસ્થા : માંસાહારી પ્રાણીઓનો ખોરાક ઘટયો

### સિંહ, વાઘ માટે પાણીના કુંડ, ફુવારા, પંખા : વાનરો માટે આઈસ કેન્ડી : વાનરો માટે ફ્રુટ આઈસ કેન્ડી સહિતની સુવિધા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
રાજકોટ શહેરના પ્રદ્યુમન પાર્ક ઝુમાં હવે ગરમીની અસર શરૂ થઇ ગઇ છે ત્યારે ઝુ વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓ અને પક્ષીઓ માટે કુલ કુલ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નાના મોટા પ્રાણીઓ અને પક્ષીઓ માટે પંખા, ફુવારા, વાનરો માટે ફ્રુટ આઈસ કેન્ડી સહિતની સુવિધા ઉભી કરાયાનું કમિશ્નર આનંદ પટેલે કહ્યું હતું. રાજકોટ મનપાના પ્રદ્યુમન પાર્ક ઝુની વર્ષે સાડા સાત લાખ જેટલા લોકો મુલાકાત લેતા હોય છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૭ પ્રજાતિઓનાં કુલ ૫૬૪ વન્યપ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. જેમને જુદી જુદી ઋતુઓમાં વાતાવરણની કોઇ આડઅસર ન થાય અને તમામની તંદુરસ્તી જળવાઇ રહે હાલ શરૂ થયેલા ઉનાળામાં જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. તેઓને ગરમીથી રક્ષણ મળી રહે તે માટે કુદરતી પ્રકૃતી અનુસાર ઝૂ ખાતે સુપ્રિ. ડો. આર.કે.હિરપરાના માર્ગદર્શન હેઠળ ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

મોટા કદના પ્રાણીઓ (સિંહ, વાઘ, દિપડા, રીંછ વિગેરે) - આ તમામ પ્રાણીઓના પાંજરામાં વિશાળ પાણીના પોન્ડ બનાવવામાં આવેલ છે. આકરો તાપ તથા ગરમીના સમયે પ્રાણીઓ પોન્ડના પાણીમાં બેસી રહે છે અને ગરમીથી રાહત મેળવે છે.પાંજરાની અંદર વૃક્ષોની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે.પાંજરામાં પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક વુડન શેલ્ટર બનાવવામાં આવેલ છે. જેના ઉપર પ્રાણીઓ બેસી તડકાથી રાહત મેળવે છે અને મુલાકાતીઓ પણ પ્રાણીઓને સારી રીતે નિહાળી શકે છે. બપોર પછીના સમયે તાપમાનનો પારો ખુબ ઉંચો હોય ત્યારે રીંછને ખાસ પ્રકારની ફ્રુટ કેન્ડી આપવામાં આવે છે.

# ગુજરાતમાં વીઆઈ મોબાઈલ ફિલ્મ પ્રોજેક્ટ કોન્ટેસ્ટના વિજેતાઓ જાહેર થયા

### રાજકોટના VOID એ રોકડા રૂ. ૧ લાખનું પ્રથમ ઈનામ, અમદાવાદના મેમાને રૂ. ૫૦,૦૦૦નું બીજું ઈનામ તથા બરોડાના ડો. નિલકંઠ રાયે રૂ. ૨૫,૦૦૦નું ત્રીજું ઈનામ જીત્યું છે

રાજકોટ
રાજકોટના VOID એ ગુજરાતમાં વીઆઈ મોબાઈલ ફિલ્મમેકિંગ કોન્ટેસ્ટમાં પહેલું ઈનામ જીત્યું છે. વસ્ત્રાપુર એમ્ફીથિયેટર ખાતે પસંદ કરેલી એન્ટ્રીના સ્પેશિયલ સ્ક્રીનિંગ બાદ અમદાવાદમાં ૩૦મી માર્ચે આ જાહેરાત કરવામાં આવી હતી. રેડ એફએમ સાથેની પાર્ટનરશિપમાં આ કોન્ટેસ્ટનું આયોજન અને પ્રમોશન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાંથી મળેલી ૭૦થી વધુ શોર્ટ ફિલ્મ એન્ટ્રીમાંથી ત્રણ વિજેતા એન્ટ્રી પસંદ કરવામાં આવી હતી. અમદાવાદના મેમાને રૂ. ૫૦,૦૦૦નું બીજું ઈનામ તથા વડોદરાના ડો. નીલકંઠ રાયે રૂ. ૨૫,૦૦૦નું ત્રીજું ઈનામ જીત્યું હતું.

૫૦થી વધુ પહેલી વખતની ફિલ્મ બનાવનારાઓએ આ કોન્ટેસ્ટમાં ભાગ લીધો હતો અને કોમેડી, સટાયર, હોરર, થ્રિલર, બાયોપિક, રોમ કોમ, ડ્રામા, એક્શન, સ્લાઈસ ઓફ લાઈફ અને અન્ય જેવા અનેક વિષયો પર ફિલ્મો બનાવી હતી. શોર્ટલિસ્ટ થયેલી એન્ટ્રીઓ વોટિંગ માટે રેડ એફએમની યુટ્યૂબ ગુજરાતી ચેનલ પર અપલોડ કરવામાં આવી હતી. ગુજરાતી ફિલ્મ નિર્માણ ઉદ્યોગની જાણીતી અને અગ્રણી હસ્તીઓ સોશિયલ મીડિયા દ્વારા ફિલ્મ નિર્માણની વિવિધ મહત્વપૂર્ણ આવશ્યકતાઓ અને બાબતો વિશે સહભાગીઓને માર્ગદર્શન આપવા માટે આગળ આવ્યા હતા. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની પસંદગીની કોલેજોમાં યુવાનોને શિક્ષિત કરવા, વિશેષ ટિપ્સ આપવા અને પ્રોત્સાહિત કરવા માટે ખાસસેશન્સ અને વર્કશોપ પણ યોજવામાં આવ્યા હતા.

## રાજકોટના કોટેચા ચોક, સહિતના વિસ્તારોમાં ટ્રાફિક ડ્રાઈવમાં ૩૪૫ એન.સી.કેસ નોધાયા

રાજકોટ,
રાજકોટ શહેરના કોટેચા ચોક, સોરઠીયા વાડી સર્કલ, બાલક હનુમાન પેડક રોડ, ઘંટેશ્વર તથા જુના કુવાડવા પોલીસ સ્ટેશન પાસે અલગ અલગ ટ્રાફિક અધિકારીની ટીમ બનાવી વાહન ચેકીંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં પીઆઈ બી. પી. રજીયા, પીએસઆઈ આર. એસ. પરમારની ટીમે કોટેચા ચોકમાં ૬૯ કેસ, પીએસઆઈ જનકસિંહ રાણાએ સોરઠીયા વાડી સર્કલ પાસે ૬૫ કેસ, પીએસઆઈ વી. એ. પરમારે પેડક રોડ પર ૪૬ કેસ, પીએસઆઈ ધાસુરાએ ૪૨૧૦૦નો ંડ, પીઆઈ એમ. જી. વસાવાએ નવાગામ પાસે ૮૩ કેસ કર્યા હતાં. કુલ ૩૪૫ કેસ તમામ ટીમોએ કરી રૂા. ૧,૬૨,૯૦૦નો દંડ વસુલાયો હતો. એએસઆઈ તૃષાબેન અને મહેન્દ્ર ભાઈએ ઓવરસ્પીમડના કેસો કરી ચલણ ઈશ્યુ, કર્યા હતાં. આ ટીમ સાથે બે પ્રોબેશનર પીએસઆઈ પણ કામગીરીમાં જોડાયા હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવની સુચના અને એસીપી જે. બી. ગઢવીની રાહબરીમાં આ કામગીરી થઈ હતી.

## રાજકોટ જીલ્લામાં મતદાન બુથો પર દિવ્યાંગો અને સિનિયર સીટીઝન મતદારોને કતારમાં ઉભા રહેવામાંથી મુકિત

### મતદાનના આઠ-દશ દિવસ પૂર્વે રાજકોટ લોકસભા બેઠકના તમામ ૨૨૩૬ મતદાન મથકો પર બીએલઓ ને મતદાર યાદી સાથે બેસશે

રાજકોટ,
રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સુચારૂ રૂપથી યોજાય તે માટે જીલ્લા કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા પુરજોશમાં શરૂ કરાયેલ તૈયારીઓને વેગ આપવામાં આવી રહ્યો છે.રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના તમામ ૨૨૩૬ મતદાન બુથો પર મતદાનનું આઠ દસ દિવસ પૂર્વે મતદાર યાદી સાથે બીએલઓને બેસાડવા માટે ચૂંટણી તંત્ર દ્વારા આદેશ કરાયેલ છે. જેથી આ મતદાન બુથો પર બીએલઓ મતદાર યાદી સાથે બેસી મતદારોને તેમના મતદાર યાદીના ક્રમ નંબર, બુથ સહિતની માહિતી પુરી પાડશે. આ ઉપરાંત મતદાન બુથો ઉપર દિવ્યાંગો અને ૮૫ કે તેથી વધુ વર્ષની વયના મતદારોને હવે કતારમાં ઉભા રહેવામાંથી મુકિત આપવામાં આવી છે. મતદાન બુથો પર મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ રૂપથી પગલા લેવા માટે આ વખતે જીલ્લા વહીવટી તંત્રને અગાઉથી જ આદેશ આપી દેવામાં આવેલ છે. જે અંતર્ગત મતદાન બુથો પર બેરા મેડીકલ સ્ટાફને પણ તૈનાત કરવામાં આવનાર છે. આગામી તા.૭મીના રોજ ઈવીએમ વેર હાઉસમાંથી ઈવીએમનું ડીસ્પેચીંગ વિધાનસભા વિસ્તારવાઈઝ કરી દેવામાં આવનાર છે. આ ઉપરાંત બીએલઓ દ્વારા મતદાન બુથો પર ઉપલબ્ધ સુવિધાની ચકાસણી થાય તે માટે પણ જરૂરી આદેશ આપવામાં આવેલ છે.

# છેલ્લા ચાર માસ દરમિયાન ૧૭ વાહનોની ચોરી કરનાર ઝડપાયો

## ચોરાઉ વાહનો ફાઈનાન્સમાંથી ખેંચાયેલા હોવાનું કહી પાણીના ભાવે મિત્રને વેચી દેતો હતો!



રાજકોટ : છેલ્લા ચાર માસમાં રાજકોટમાંથી ૭, શાપરમાંથી ૩, ગોંડલમાંથી ૫ અને જૂનાગઢમાંથી ૧ મળી કુલ ૧૭ ટુ વ્હીલરની ચોરી કરી તરખાટ મચાવનાર મુકેશ લાભુભાઈ મારડીયા (ઉ.વ.૪૦, રહે. સડક પીપળીયા, તા. ગોંડલ, મૂળ ખાંભા ગાયકવાડી, કુંભારવાસ, તા. અમરેલી)ને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો હતો. તેની પાસેથી ચોરાઉ ટુ વ્હીલર ખરીદનાર આશિષ વલ્લભ કાપડી (ઉ.વ.૩૪, રહે. ગુંદાસરા, તા. ગોંડલ, મૂળ વીરપુર)ની પણ ક્રાઈમ બ્રાંચે અટકાયત કરી હતી.ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે મુકેશને ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધા બાદ તેણે છેલ્લા ચાર મહિનામાં ૧૭ ટુ વ્હીલરની ચોરી કર્યાની કબૂલાત આપી હતી. એટલું જ નહીં ચોરાઉ ટુ વ્હીલર ફાઈનાન્સમાંથી ખેંચેલા છે તેમ કહી આશિષને વેચવા આપી દીધાની પણ કબૂલાત આપી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાંચે આશિષને પણ સકંજામાં લઈ રૂા. ૬.૭૫ લાખની કિમતના ૧૭ ટુ વ્હીલર કબ્જે કર્યા હતાં. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે મુકેશ કારખાનામાં મજૂરી કામ કરે છે. જે દિવસે રજા હોય તે દિવસે વાહનો ચોરવા નીકળી પડતો હતો. રાજકોટ શહેર, શાપર, ગોંડલ અને જૂનાગઢ જેવા શહેરોમાં જઈ હોસ્પિટલ અને હોટલ સહિતના સ્થળો પાસે પાર્ક હેન્ડલ લોક વગરના વાહનો થોડે સુધી દોરીને લઈ ગયા બાદ ડાયરેક્ટ છેડા કરી ચોરી કરી લેતો હતો.આરોપી મુકેશ આ અગાઉ ૨૦૧૧ની સાલમાં જૂનાગઢ એલસીબીના હાથે ૨૭ ચોરાઉ વાહનોના કેસમાં પકડાઈ ચૂક્યો છે. તેના વિરૂધ્ધ જૂનાગઢ પોલીસમાં વાહન ચોરી અંગે પાંચેક ગુના પણ નોંધાયેલા છે. તે ચોરાઉ વાહનો મિત્ર આશિષને ફાઈનાન્સમાંથી ખેંચેલા વાહનો હોવાનું કહી રૂા. ૧૦ હજારથી લઈ રૂા. ૨૦ હજારમાં આપી દેતો હતો. જે વાહનો આશિષ તેના પરિચિતોને વેચી દેતો હતો. આ ઉપરાંત આરોપી મુકેશ ખાસ કરીને જે બાઈકમાં મેગવ્હીલ હોય તેની વધુ ચોરી કરતો હતો. તેણે ગુંદાસરા ગામના રેલવે સ્ટેશન પાસેથી એક બાઈકની ચોરી કરી હતી. જેના માલિકનું નામ મેળવવા ક્રાઈમ બ્રાંચે પ્રયાસો શરૂ કર્યા છે.

### ૨૦ દી'માં વાહન ચોરીમાં ૫ બાળ આરોપી પકડાયા

કોઠારિયા રોડ પર આવેલા વિનોદભાઈ હોલ નજીક એક શખ્સ નંબર પ્લેટ વગરના વાહન સાથે ઊભો હોવાની માહિતીના આધારે ભક્તિનગર પોલીસ દોડી જઈ શખ્સને સકંજામાં લીધો હતો. પૂછપરછમાં તે તરુણવયનો હોવાનું અને તેને આ બાઈક હોળીના આગલા દિવસે આનંદનગર મેઈન રોડ પરથી અન્ય ચાર તરુણવયના મિત્રો સાથે મળી ચોરી કર્યાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે તુરંત અન્ય ચાર તરુણને પણ સકંજામાં લીધા હતા. વિશેષ પૂછપરછ કરતા પાંચેયે મોજશોખ પૂરા કરવા માટે છેલ્લા ૨૦ દિવસમાં એક્ટિવા સહિત પાંચ વાહન ચોરી કર્યાની કબૂલાત આપી છે. રૂ.૧.૯૦ લાખના પાંચેય વાહન કબજે કરી પાંચેય બાળ આરોપી સામે કાર્યવાહી કરી છે.

# કોંગ્રેસનો જૂથવાદ બહાર આવ્યો: બેઠકમાં પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે તુતુમેમે



રાજકોટ: મંગળવારે બેઠકમાં આગેવાનોને બોલાવવાના મુદ્દે રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ અને પૂર્વ કોર્પોરેટર પ્રવીણ સોરાણી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને સોરાણી પોતાના ટેકેદારો સાથે બેઠક છોડીને જતા રહ્યા હતા.રેસકોર્સ રિંગ રોડ નજીક આવેલા કોંગ્રેસ કાર્યાલયે મંગળવારે સવારે કોંગ્રેસના આગેવાનોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આમંત્રણ મળતાં પૂર્વ કોર્પોરેટર પ્રવીણ સોરાણી ત્યાં ગયા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ ઉપસ્થિત ૭૦ જેટલા આગેવાનોને વોર્ડવાઈઝ સંગઠન રચવા અને એક એક વ્યક્તિ સુધી પહોંચવાના પ્લાનિંગ માટેની વાત કરી હતી. રાજાણીની વાત પૂરી થતાં જ સોરાણીએ ચૂંટણી લડવા માટે શહેરના તમામ આગેવાનો અને કાર્યકરોને જોડવા પડશે, અને આ બેઠકમાં ડો.હેમાંગ વસાવડા, અશોક ડાંગર, ગાયત્રીબા વાઘેલા સહિતના આગેવાનોને શા માટે બોલાવાયા નથી તેવો સવાલ કર્યો હતો. સોરાણીના પ્રશ્નનો જવાબ રાજાણી આપે તે પહેલાં પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુએ આ બેઠક મેં બોલાવી છે અને મેં કહ્યું તેટલા જ આગેવાનોને બોલાવાયા છે તેમ કહેતા સોરાણીએ અમે કોંગ્રેસી તરીકે આવ્યા છીએ. આ તમારી વ્યક્તિગત બેઠક હોવાની જાણ હોત તો અમે પણ ન આવત તેમ કહેતા રાજ્યગુરુએ તમે જઈ શકો છો તેવો પ્રત્યુત્તર આપતા માહોલ ઉગ્ર બની ગયો હતો. બંને નેતા વચ્ચે થોડીવાર માટે તુતુમેમે થઈ હતી અને અંતે પ્રવીણ સોરાણી પોતાના અન્ય ૧૪ ટેકેદાર સાથે બેઠકમાંથી નીકળી જતાં કોંગ્રેસનો જૂથવાદ બહાર આવ્યો હતો.

# કામદારના બાકી પગાર વસૂલવા અમૂલ ઈન્ડ.ની હરાજી કરવા કવાયત

રાજકોટ: રાજકોટ આજી જીઆઈડીસીમાં આવેલી અમૂલ ઈન્ડસ્ટ્રીઝમાં અદાલતે રિકવરી સર્ટિફિકેટ ઈશ્યૂ કરતા પૂર્વ મામલતદાર તંત્ર દ્વારા હવે કામદારોના પગાર ચૂકવવા ફેક્ટરીની હરાજી કરવા કવાયત હાથ ધરવામાં આવી છે અને તેના માટે ફેક્ટરીનું વેલ્યુએશન કરાવવા અને અપસેટ પ્રાઈઝ નક્કી કરવા તજવીજ ચાલી રહી છે.રાજકોટ પૂર્વ મામલતદારે જણાવ્યા અનુસાર અમૂલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૩૬૧ કામદારનો રૂ.૧.૭૫ કરોડથી વધુનો બાકી પગાર નહીં ચૂકવતા અદાલત દ્વારા તેમના વિરુદ્ધ રિકવરી સર્ટિફિકેટ ઈસ્યૂ કરવામાં આવ્યું હતું. જેના પગલે બે માસ પૂર્વે ફેક્ટરીને સીલ મારી તેના માલિકોને કામદારોનો બાકી પગાર ચૂકવી દેવા આદેશ કર્યો હતો. છતાં બાકી પગાર નહીં ચૂકવતા હવે ફેક્ટરીની હરાજી કરી કામદારોનો પગાર વસૂલાશે. તેના માટે ડીઆઈએલઆર અને અન્ય એજન્સીઓને ફેક્ટરીનું વેલ્યુએશન કરાવવા અને અપસેટ પ્રાઈસ નક્કી કરવા સૂચના અપાઈ છે. અપસેટ પ્રાઈસ નક્કી થયા બાદ ફેક્ટરીની હરાજી કરાશે.સૂત્રોએ જણાવ્યા અનુસાર અમૂલ ઈન્ડસ્ટ્રીઝની હરાજી કરાયા બાદ જે નાણાં ઉપજે તે લેબર વિભાગમાં જમા કરાવવામાં આવશે અને લેબર વિભાગ દ્વારા અદાલતના આદેશ મુજબ જે-જે કામદારોના પગાર બાકી છે તેમને તે નાણામાંથી ચૂકવણું કરવામાં આવશે.રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમૂલ ઈન્ડસ્ટ્રીઝની હરાજી માટે કવાયત ચાલી રહી છે ત્યારે ફેક્ટરીની હરાજી થઈ ગયા બાદ તેના ૩૬૧ કામદારની નોકરીનું શું થશે? તેઓએ શું કરવાનું? તેના પીએફ, ગ્રેચ્યુઈટી સહિતના લાભોનું શું? સહિતના અનેક મોટા પ્રશ્નો ઊભા થયા છે.

# છત્તીસગઢ, ગોધરા યુનિવર્સિટીના VCને રાજકોટમાં ચૂંટણીના ઓર્ડર!

## યુનિવર્સિટીના એવા અધિકારીઓના ઓર્ડર કાઢવામાં આવ્યા છે જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરજ જ બજાવતા નથી

રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના કાયમી ૧૫૩ કર્મચારીમાંથી ૯૩ કર્મચારીને લોકસભાની ચૂંટણી માટે ફરજના ઓર્ડર કરવામાં આવ્યા છે. જેઓ ૬ અને ૭ મેના રોજ લોકસભા ચૂંટણીના મતદાન દરમિયાન ઈલેક્શન ડ્યૂટી કરશે, પરંતુ સૌથી મહત્ત્વની બાબત એ છે કે, યુનિવર્સિટીના એવા અધિકારીઓના ઓર્ડર કાઢવામાં આવ્યા છે જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરજ જ બજાવતા નથી.યુનિવર્સિટીના મહેકમ વિભાગે તમામ સ્ટાફનું આખું લિસ્ટ જે-તે વિભાગને મોકલી દીધું હતુ જેમાંથી ચૂંટણી ફરજના ઓર્ડર કરવામાં આવ્યા છે. જેમાં છત્તીસગઢની સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. આલોક ચક્રવાલ, ગોધરા યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ, ગોધરા યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. દક્ષાબેન ચૌહાણ સહિતના સિનિયરોના ચૂંટણીમાં પ્રિસાઈડિંગ ઓફિસર તરીકેના ઓર્ડર નીકળતા યુનિવર્સિટીમાં પણ દોડધામ મચી હતી. કારણ કે, પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે કુલપતિ કક્ષાના સિનિયરોના ઓર્ડર નીકળ્યા છે અને તેની ઉપરના અધિકારી ઝોનલ ઓફિસર તરીકે આઈટીઆઈના આચાર્યના ઓર્ડર નીકળ્યા છે! ઓર્ડર નીકળી ગયા બાદ હવે યુનિવર્સિટીએ તેને રિવાઈઝ કરવા માટે કલેક્ટરમાં પત્ર લખીને જાણ કરવામાં આવી છે.શિક્ષણ વિભાગમાં જે સિનિયર છે તેમને ચૂંટણીમાં જુનિયર તરીકેની કામગીરીના ઓર્ડર ઈસ્યૂ કરવામાં આવ્યા છે અને જેઓ જુનિયર છે તેઓ સિનિયરના ઉપરી અધિકારી તરીકેના ઓર્ડર કાઢવામાં આવતા કચવાટ ફેલાયો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ કક્ષાના અધિકારીઓને પ્રિસાઈડિંગ ઓફિસરના ઓર્ડર નીકળી ગયા બાદ હવે યુનિવર્સિટીએ આ ઓર્ડર રિવાઈઝ કરવા જિલ્લા કલેક્ટરમાં પત્ર લખીને માગણી કરી છે. કારણ કે જે અધિકારી રાજકોટમાં ફરજ બજાવતા જ નથી તેમના રાજકોટમાં ચૂંટણીના ઓર્ડર થયા છે.અગાઉ યુનિવર્સિટીના કર્મચારી હોય પરંતુ અત્યારે તેઓ યુનિવર્સિટી સાથે જોડાયેલા નથી તેમના ચૂંટણી કામગીરી માટેના ઓર્ડર થયા છે તે વાત સાચી છે, જે-તે વખતે જ્યારે લિસ્ટ મોકલવામાં આવ્યું ત્યારે પણ તેમાં રિમાર્કસ દર્શાવ્યા હતા, પરંતુ ઓર્ડર થઈ ગયા છે એટલે અમે ફરી કલેક્ટરમાં પત્ર લખીને આ ઓર્ડર રિવાઈઝ કરવા જણાવ્યું છે તેનો નિર્ણય આગામી દિવસોમાં થશે.યુનિવર્સિટીમાં ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફના ૮૯માંથી ૬૨ અધ્યાપકને ચૂંટણી ફરજ માટેના ઓર્ડર આવી ચૂક્યા છે. જ્યારે નોન ટીચિંગમાં ૨૧૭નું સેટઅપ છે. જેમાંથી ૬૪ જગ્યાઓ ભરાયેલી છે. યુનિવર્સિટીમાં ફરજ બજાવતા બિન શૈક્ષણિક સ્ટાફના ૬૪માંથી ૩૧ કર્મચારીને ચૂંટણી ફરજના ઓર્ડર આપવામાં આવ્યા છે. યુનિવર્સિટીમાં કાયમી અધ્યાપકો અને અધિકારીઓ સહિતના કર્મચારીઓને ચૂંટણી ફરજના ઓર્ડર આપવામાં આવ્યા છે. ૭ મેના રોજ લોકસભાની ચૂંટણીને લઈને મતદાન છે ત્યારે ૬ અને ૭ મેના રોજ લોકસભા ચૂંટણીના મતદાન દરમિયાન ઈલેક્શન ડ્યૂટી કરશે. એક બાજુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્ટાફની અછત પ્રવર્તી રહી છે. એવામાં ટીચિંગ અને નોન ટીચિંગના મોટા ભાગના કર્મચારીઓને ચૂંટણી ફરજ સોંપવામાં આવતા શિક્ષણ કાર્ય પર અસર થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. કારણ કે, તેઓને ચૂંટણી પહેલા તાલિમ લેવા પણ જવું પડશે.

# રિસામણે રહેલી પત્ની મુદ્દે મામા સહિતનાએ માર માર્યો

રાજકોટ:શહેરના મહિકા ગામે રાધિકા સોસાયટી-૨માં રહેતા અજય પ્રાગજીભાઈ સાકરિયા નામના યુવાને તેના મામા પરસોતમ ભરાડિયા, વિજય ભરાડિયા, પ્રકાશ પરસોતમ ભરાડિયા અને બે અજાણ્યા શખ્સ સામે લાકડીથી હુમલો કરી માર માર્યાની ફરિયાદ નોંધાવી છે. મંડપ સર્વિસનું કામ કરતા અજયની ફરિયાદ મુજબ, ગઈકાલે સાંજે માંડાડુંગરમાં રહેતા મામા પરસોતમભાઈએ ફોન કરી તારી પત્ની મીના રિસામણે છે તે મુદ્દે વાતચીત કરવી છે એટલે મહિકાના પાટિયે આવવા જણાવ્યું હતું.જેથી પોતે બાઈક લઈને ગામના પાટિયે પહોંચ્યો હતો. જ્યાં મામા સહિતનાઓ ઊભા હતા. બધાને મળ્યાં બાદ રિસામણે રહેલી પત્ની મુદ્દે વાતચીત ચાલુ હતી. તે સમયે મામા ઉશ્કેરાય જઈને પોતાને માર માર્યો હતો. મામલો વધુ બિચકતા અન્ય શખ્સો પણ લાકડીથી પોતાના પર તૂટી પડ્યા હતા. બાદમાં મામાનો દીકરો પ્રકાશ કે જે સાઢુભાઈ થતો હોય તે પણ ત્યાં આવી જતા તારી ઘરવાળી રિસામણે છે. તેમાં તું મારા પિતા સાથે કેમ ઝઘડો કરે છે કહીને માર મારી જતા રહ્યા હતા. બનાવને પગલે લોકો એકઠા થઈ જતા પોલીસને જાણ કરી હતી.

અન્ય બનાવમાં સાધુ વાસવાણી રોડ, આરએમસી ક્વાર્ટરમાં રહેતી અને બ્યુટીપાર્લર ચલાવતી પૂજાબેન દુખીપ્રસાદ ગુપ્તા નામની મહિલાને તેમજ તેની દીકરી રોશનીને પાડોશમાં રહેતા સોનલ, સોનમ, સાગર અને મનોજે ધોકાથી મારી માર્યાની ફરિયાદ નોંધાવી છે. અગાઉ આરોપી સોનલે મારી નાંખવાની ધમકી આપી બદનામ કરવા ચારિત્ર વિશે ખરાબ બોલતા માથાકૂટ થઈ હતી. જેનો ખાર રાખી માર માર્યાનું ફરિયાદમાં જણાવ્યું છે.

# વાંકાનેર બાઉન્ડ્રી પાસે ટ્રકમાંથી ૧૩.૯૦ લાખનો દારૂ ઝડપાયો

મોરબી: વાંકાનેર બાઉન્ડ્રી નજીકથી આઈસર ગાડીમાં સંતાડી દારૂ અને બિયરની હેરાફેરીનો પર્દાફાશ કરી એલસીબી ટીમે ૨૬૦૪ બોટલથી દારૂનો જથ્થો અને ૪૫૬૦ બિયરના ટીન સહિતનો જથ્થો રોકડ રકમ, મોબાઈલ અને વાહન સહિત ૨૪.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક ઈસમની ધરપકડ કરી છે. જ્યારે મોરબીમાં બે સ્થળે તથા ટીબગી ગામે પણ દારૂના દરોડાઓ પાડવામાં આવ્યા હતાંમોરબી એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન બાતમી મળી હતી કે અમદાવાદ તરફથી એક આઈસર ટ્રક રાજકોટ તરફ જવાનો છે. ઈંગ્લીશ દારૂ અને બિયરનો જથ્થો છૂપાવી રાખેલ છે. જેથી એલસીબી ટીમે વાંકાનેર બાઉન્ડ્રી નજીક વોચ ગોઠવી હતી. જ્યાં આઈસર ટ્રક પસાર થતાં આંતરી લઈને તલાશી લેતાં છુપાવી રાખેલ ૧૩.૯૦ લાખની કિંમતની દારૂની બોટલ નંગ ૨૬૦૪ અને બિયરના ટીન નંગ ૪૫૬૦નો જથ્થો કબજે લઈને દારૂ, બિયર ઉપરાંત આઈસર ટ્રક મોબાઈલ અને રોકડ રકમ સહિત કુલ રૂા. ૨૪,૦૨,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સુભાષસિંગ કેદારસિંગ રાજપૂત (ઉ.વ.૩૪, રહે. બિહાર)ને ઝડપી લીધો છે તો માલ મોકલનાર હેમંતગભી પટેલ (રહે. દમણ)નું નામ ખુલતાં વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.મોરબી શહેરનાં વિસીપરામાં રહેતા લાલો રસુલ જેડાનાં મકાનમાં રેડ કરી એલસીબી ટીમે ઈંગ્લીશ દારૂની ૬૮ બોટલ અને ૯૬ બિરના ટીન સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે.મોરબી શહેરના પીપળી રોડ પર રોયલપાર્ક પાસે ઝાડીમાં છુપાવેલી ઈંગ્લીશ દારૂની નાની મોટી ૨૧૨ બોટલના જથ્થા સાથે વિપુલ લીંબાભાઈ કટેશીયાને ઝડપી લીધો હતો તો અન્ય આરોપી પ્રવિણ શિવાભી જોગરાજીયા અને વિપુલ મનસુખ ધલવાણીયાના નામ ખુલતા બંને આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.મોરબી તાલુકાનાં ટીંબડી ગામની સીમમાં ટીંબડી પાટિયા પાસે આવેલ ચાની હોટેલમાંથી ઈંગ્લીશ દારૂની ૩૦ બોટલ ઝડપી લઈ લાલજી કુકાભાઈ પાંચીયા (ઉ.વ.૨૮, રહે. ભડીયાદ રોડ, હરિઓમ સોસાયટી, મોરબી)ને ઝડપી લેવાયો હતો.

# પોપટપરાનાં રિક્ષા ચાલકનું હાર્ટ-એટેકથી મોત

રાજકોટ: પોપટપરાના રિક્ષાચાલકને હાર્ટ-એટેક આવતાં મોત નિપજ્યું હતું. ૪૩ વર્ષીય મહેબૂબભાઈ હાસમભાઈ રાવમા નામના રીક્ષાચાલક ગઈકાલે સાંજના સાતેક વાગ્યાની આસપાસ પોતાની રિક્ષા ચલાવી જતાં હતાં. દરમિયાન કોઠારિયા રોડ આંબેડકરભવનના ગેટ પાસે પહોંચતા અચાનક રિક્ષામાં બેભાન થઈ ગયા હતા. જેને પગલે તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક ૩ ભાઈમાં મોટા હતાં તેમજ તેમને સંતાનમાં એક પુત્ર- પુત્રી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ભકિતનગર પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## નવી કોર્ટમાં ટેબલ મુકવાનો પ્રશ્ન ઉકેલાયો નથી ત્યાં વધુ એક વિવાદ

# બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્ષ મશીન મુકવા મુદ્દે બેન્ચ અને બાર આમને-સામને

રાજકોટ: રાજકોટના નવા કોર્ટ બિલ્ડિંગમાં હજુ સુધી વકીલોના ટેબલો મુકવાનો પ્રશ્ન ઉકેલાયો નથી ત્યાં રાજકોટ બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન મુકવાના મુદ્દે બેન્ચ અને બાર એસોસિએશન ફરી આમને-સામને આવી જતા આગામી દિવસોમાં આ વિવાદ ગંભીર સ્વરૂપ ધારણ કરે તેવા સંકેતો મળી રહ્યા છે. રાજકોટના પ્રિન્સિપલ એન્ડ ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી.વચ્છાણીએ બાર એસોસિએશનના રૂમમાંથી ઝેરોક્સ મશીન ઉપાડી લેવા નોટિસ આપ્યા બાદ મળવા ગયેલા બાર એસોસિએશનના હોદ્દેદારો અને વકીલોને 'તમે નહીં ઉપાડો તો અમે ઉપાડી લેશું' તેમ કહેતા વકીલોમાં ભારે નારાજગી પ્રસરી ગઈ છે.રાજકોટ બાર એસોસિએશનના સેક્રેટરી પી.સી.વ્યાસે જણાવ્યું હતું કે, રાજકોટ કોર્ટમાં આઝાદીના સમયથી બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન છે અને ૨૦૦૩માં પૂર્વ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ મનુભાઈ ઠક્કર પાસે બાર એસોસિએશનના ત્યારના સેક્રેટરી સંજય વ્યાસ સહિતના હોદ્દેદારોએ લેખિતમાં મંજૂરી માગી હતી અને તેઓએ સત્તાવાર મંજૂરી આપી હતી. આમ છતાં ડિસ્ટ્રિક્ટ જજે અમને ઝેરોક્સ મશીન ઉપાડી લેવા નોટિસ આપતા અમે અમદાવાદ બાર એસોસિએશન અને હાઈકોર્ટના બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન હોવાના પુરાવા આપ્યા હતા. તેમજ અમને પૂર્વ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આપેલો ઓર્ડર તથા એક સોવેનિયરમાં છપાયેલા ઝેરોક્સ મશીન અને તેના ઓપરેટરના ફોટા પણ આપ્યા હતા. આમ છતાં ડિસ્ટ્રિક્ટ જજે ઝેરોક્સ મશીન લઈ લેવા તાકીદ કરતાં વધુ એક વિવાદ સર્જાયો છે.સેક્રેટરી પી.સી.વ્યાસે જણાવ્યું હતું કે, બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન મૂકવા મુદ્દે સર્જાયેલા વિવાદ અંગે ગુજરાત હાઈકોર્ટમાં યુનિટ જજ વૈષ્ણવને રજૂઆત કરવા નિર્ણય કરાયો છે અને હાઈકોર્ટમાં તેમની મુલાકાતે ક્યારે જવું તેનો નિર્ણય બુધવારે થઈ જશે. તેમજ જરૂર જણાયે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને પત્ર લખીને રજૂઆત કરાશે.નવા કોર્ટ બિલ્ડિંગમાં વધુ ટેબલો મુકવાનો પ્રશ્ન હલ ન થતાં હાલમાં ગ્રાઉન્ડ ફ્લોર પર જે સિનિયરો અથવા જુનિયરોના ટેબલો મુકાયા છે તેમના ટેબલો પર ૨થી ૩ વકીલને બેસવા માટે દરરોજ સમજાવટ કરવામાં આવી રહી છે. આથી બાકી રહી ગયેલા ૮૫૦ જેટલા વકીલમાંથી ૩૦૦ જેટલા આ પ્રકારની વ્યવસ્થા માટે સહમત પણ થઈ ગયા છે.

# મહિકા ખોડિયાર આશ્રમના મહંતનું હાર્ટએટેકથી મોત

રાજકોટ:રાજકોટની ભાગોળે ત્રંબા નજીક મહિકામાં આવેલા આશ્રમના મહંતનું હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. સવારે મહંત મૃત હાલતમાં મળી આવ્યા હતા તેઓ સંસ્કૃત અને આયુર્વેદના જાણકાર હતા. બનાવથી સેવકોમાં ગમગીની છવાઈ ગઈ હતી. મહિકામાં આવેલા પરશુરામ ખોડિયાર આશ્રમના મહંત નારાયણ સ્વરૂપાનંદજી સરસ્વતી (ઉ.વ.૬૨) આશ્રમની ઓરડીમાં હતા. સવારે તેમના સેવક આવ્યા ત્યારે મહંત નિદ્રાવસ્થામાં લાગતા સેવકે તેમને જગાડતાં જ મહંત નારાયણ સરસ્વતી બેભાન હાલતમાં મળી આવતા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. હાર્ટએટેકથી તેમનું મૃત્યુ થયાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.બનાવની જાણ થતાં આજી ડેમ પોલીસ દોડી ગઈ હતી. સેવકોએ પોલીસ સમક્ષ કહ્યું હતું કે, નારાયણ સ્વરૂપાનંદજી ટંકારાના મેઘપરના વતની હતા તેમણે ૩૦ વર્ષ પહેલાં સંસાર ત્યાગી સાધુ બની ગયા હતા. તેમના પરિવારજનો સુરત રહે છે. નારાયણ સ્વરૂપાનંદજીને સંસ્કૃતના અસંખ્ય શ્લોક કંઠસ્થ હતા. તેઓ આયુર્વેદના પણ જાણકાર હતા અને કોરોના સમયે તેમણે લોકોની ખૂબ સેવા કરી હતી. મહંત નારાયણ સ્વરૂપાનંદજીના નિધનથી સેવકોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# જૂના કુલમુખત્યારનામાના આધારે ૬ પ્લોટ બારોબાર વેચી નાખી ભાગીદારો સાથે છેતરપીંડી

રાજકોટ: રાજકોટના અમીન માર્ગ પર સિલ્વર પાર્કમાં રહેતાં લેન્ડ ડેવલોપર્સ જયંતભાઈ રામભાઈ ચાવડા (ઉ.વ.૬૩)એ પોતાના ભાગીદાર શૈલેષ વિજયસિંહ કામળીયા (રહે. જાગૃતિદીપ હાઈટસ, પારીજાત પ્લોટની પાછળ, ૧૫૦ ફૂટ રીંગ રોડ)એ ૬ પ્લોટ બારોબાર વેચી નાખી, વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની પડધરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જયંતભાઈએ જણાવ્યું છે કે ભાગીદાર બીશુભાઈ વાળા અને આરોપી સાથે મળી પડધરી તાલુકાના ઢોકળીયા ગામે જમીન ખરીદ કરી હતી. જેમાં શિવાલય-બી નામથી લે-આઉટ પ્લાન તૈયાર કરાવી, ૪૨ પ્લોટ પાડયા હતા. ૨૦૧૧થી ૨૦૧૪ સુધીમાં ૩૬ પ્લોટનું વેચાણ થઈ ગયું હતું. ૬ પ્લોટ વેચાયા ન હતા. આરોપીએ જૂના કુલમુખત્યારનામાના આધારે જયેશ ગોદડભાઈ ડાવેરા (રહે. કાશી વિશ્વનાથ, મેઈન રોડ)ને આ ૬ પ્લોટ વેચી નાખી, ત્રીજા દિવસે પોતાના નામે વેચાણ દસ્તાવેજ કરી ખરીદી લીધા હતા. આ રીતે આરોપીએ પોતાનો અને ભાગીદારનો ૩૩ ટકા લેખે ૬૬ ટકા હિસ્સો ડૂબાડી દીધો હતો. આ બાબતે આરોપીનો કોઈ સંપર્ક થયો ન હતો. દસ્તાવેજ કરાવી લેનાર જયેશભાઈને પૂછતાં કહ્યું કે તેણે કોઈ પ્લોટની ખરીદી કરી નથી. એટલું જ નહીં કોઈ રૂપિયાની પણ લેતી-દેતી કરી નથી. આરોપી પોતાના જૂના ભાગીદાર હોવાથી હિસ્સો આપી દેશે તેવું જણાતું હોવાથી તત્કાળ ફરિયાદ કરી ન હતી. પરંતુ આજ સુધી આરોપીએ પોતાનો કે ભાગીદારનો હિસ્સો નહીં આપતાં આખરે તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# છબરડો: વિષય પ્રેક્ટિકલનો હતો, યુનિવર્સિટીએ પરીક્ષા થિયરીની લીધી! વિદ્યાર્થીઓ જવાબો લખી શક્યા નહી, ભાવિ જોખમમાં



રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં નાના-મોટા છબરડાઓ થતાં જ રહે છે. તાજેતરમાં જ બીએસસી સેમેસ્ટર-૧માં નવી શિક્ષણ નીતિ અંતર્ગત સામેલ કરાયેલા વૈકલ્પિક વિષય પ્રેક્ટિકલ આધારિત હતો, વિદ્યાર્થીઓને કોલેજોમાં પણ પ્રેક્ટિકલ જ કરાવ્યું હતું, પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ વિષયની પ્રેક્ટિકલને બદલે થિયરીની પરીક્ષા લેતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો હતો. આ અંગે વિદ્યાર્થીઓએ એબીવીપીને સાથે રાખીને કુલપતિને રજૂઆત પણ કરી હતી, પરંતુ આ મામલે હજુ સુધી કોઈ કાર્યવાહી નહીં થતા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા છે. વિદ્યાર્થીઓએ આ અંગે કહ્યું હતું કે, આ પ્રેક્ટિકલ વિષય અંગે કોલેજમાં અમને થિયરી ભણાવી જ નથી તો અમને થિયરીના પ્રશ્નોના જવાબ કેવી રીતે આવડે? વિદ્યાર્થીઓએ રજૂઆતમાં કહ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ અંતર્ગત બીએસસી બોટની, ઝૂલોજી, કેમિસ્ટ્રી વગેરેમાં 'સ્કિલ ઈન્હેસમેન્ટ પ્રેક્ટિકલ' વિષય દાખલ કરવામાં આવ્યો. પરંતુ યુનિવર્સિટી દ્વારા આ પ્રેક્ટિકલ વિષયોની થિયરીની પરીક્ષા જાહેર કરાઈ ત્યારબાદ ખોટું અર્થઘટન ધ્યાનમાં આવતા ૮ જાન્યુઆરીએ યુનિવર્સિટીએ જ્યાં પ્રેક્ટિકલ પરીક્ષા લાગુ પડતી હોય ત્યાં થિયરી નહીં લેવા પરિપત્ર પણ કરાયો. છતાં સાયન્સના ૧૫૦૦ વિદ્યાર્થીઓને અન્યાય કરી ૨૫ જાન્યુઆરીએ ધરાર થિયરી પરીક્ષા લેવાઈ. આખા સેમેસ્ટરમાં પ્રેક્ટિકલ ભણ્યા પણ પરીક્ષા થિયરીની લેવાતા વિદ્યાર્થીઓ જવાબો લખી શક્યા ન હતા કારણ કે, કોલેજોમાં પણ થિયરી ભણાવી નથી. હવે વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં હોવાની રજિસ્ટ્રાર અને કુલપતિને જાણ પણ કરી છે.